બ્રહ્મવાદ

૧) કર્તા : ગો. ૧૦૮ શ્રીહરિરાય મહાપ્રભુજી
૨) કર્તા : ગો. ૧૦૮ શ્રીવ્રજનાથજી મહારાજ

બ્રહ્મવાદ

૧) કર્તા : ગો. ૧૦૮ શ્રીહરિરાય મહાપ્રભુજી
૨) કર્તા : ગો. ૧૦૮ શ્રીવ્રજનાથજી મહારાજ



❀ અનુવાદક ❀
શ્રી ચીમનલાલ કિશોરદાસ શાહ
(B.Sc.)

બ્રહ્મવાદ

૧) કર્તા : ગો. ૧૦૮ શ્રીહરિરાય મહાપ્રભુજી
૨) કર્તા : ગો. ૧૦૮ શ્રીવ્રજનાથજી મહારાજ

❀ પ્રકાશક ❀
જયદેવ પ્રભુ એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
અધ્યક્ષ : પૂ.પા.ગો. ૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજ
(વીરમગામ-કામવન)

પુસ્તક પ્રકાશન સહાય : ૮૦/-
પ્રત : ૨૦૦/-
પ્રકાશન સમય : ૨૦૦૫

* * *

ની.લી. બહુજી સૌ. શ્રીસૂર્યપ્રભાજી શ્રીચન્દ્ર ગોપાલજી
ની સ્મૃતિમાં

૧) ની.લી.ગો. શ્રીમથુરેશજી શ્રીચન્દ્રગોપાલજી
૨) પૂ.પા.ગો. શ્રીવ્રજેશકુમારજી શ્રીચન્દ્રગોપાલજી
૩) પૂ.પા.ગો. શ્રીકનૈયાલાલજી શ્રીચન્દ્રગોપાલજી
૪) પૂ.પા.ચિ.ગો. શ્રીરઘુનાથજી શ્રીમથુરેશજી
(વીરમગામ - કામવન)

॥ श्री कृष्णाय नमः ॥

॥ श्रीवल्लभाय नमः ॥

શ્રીમદખણ્ડભૂમણ્ડલાચાર્ય શ્રીવલ્લભાચાર્ય સમ્મત
ગો. શ્રીહરિરાય વિરચિત

બ્રહ્મવાદ

અનુવાદક - **ચીમનલાલ કિશોરદાસ શાહ** B.Sc.

* * *

ગોસ્વામી શ્રીમદ્હરિરાયચરણ અન્ય મતાવલમ્બીઓ (બીજા મતોના આશ્રય કરનારાઓ)નો સંદેહ દુર કરવા માટે અને શુદ્ધાદ્વૈતપદથી ઓળખાતા સ્વમત-સિદ્ધાન્તો નિજ (પોતાના) જનોને બોધ કરવા વાસ્તે સયુક્તિક વિચાર કરે છે :-

"હવે એમ વિચાર કરે છે કે ભક્તિમાર્ગમાં કારણરૂપ જે મહાત્મ્યજ્ઞાન છે એનો ઉત્પાદક અને ભક્તિ-પ્રેમની દઢતામાં અનુકૂલ જે બ્રહ્મવાદ કહેવાય છે તે બ્રહ્મવાદ શું છે?"

ઉપલા વાક્યમાં ભક્તિમાર્ગ, કારણ, મહાત્મ્યજ્ઞાન, અનુકૂલ ઈત્યાદિ શબ્દોનો સમાવેશ છે તો એ શબ્દોની નિરુક્તિ પણ આવશ્યક છે. આના ઉપર પણ્ડિતવર્ય ગોપાલકૃષ્ણજીએ સારો પ્રકાશ પાડ્યો છે અને સૌથી પ્રથમ ભક્તિમાર્ગ એ શબ્દ ઉપર વિચાર કર્યો છે.

"ભક્તિ" માર્ગ શાથી?

શ્રીહરિરાયજીએ "ભક્તિમાર્ગ' નું કારણ મહાત્મ્યજ્ઞાન બતાવ્યું છે. એટલા માટે અહિં સર્વથી પ્રથમ ભક્તિ માર્ગ શાથી છે? એ વિચાર કરવો જોઈએ. પહેલાં માર્ગ શબ્દનો અર્થ બતાવે છે. **मृग्यते पुरुषोत्तमोऽनेनेति मार्गः** એટલે કે જે દ્વારા (શ્રવણાદિ નવવિધભક્તિદ્વારા) શ્રીપુર્ણપુરૂષોત્તમ ને શોધી કઢાય તેનું નામ તે માર્ગ. અર્થાત્ શ્રવણાદિ સાધનના અનુષ્ઠાનરૂપી જે ભક્તિ તે માર્ગ છે.

પુષ્ટિમાર્ગમાં સાધન અને સાધ્ય અભિન્ન છે. અને અહિ તો શ્રવણાદિને સાધન કહ્યાં છે. આથી પુષ્ટિમાર્ગની ઉપપત્તિ (સિદ્ધ) નહિ થાય, એવી શંકા ન કરવી કારણ કે સાધન અને સાધ્ય પુષ્ટિમાર્ગમાં એકજ છે શ્રવણાદિ પણ ભક્તિ છે અને તેનાથી પ્રાપ્ત થતી જે ફલાત્મિકા (ફલરૂપ) 'પરાભક્તિ' એ પણ ભક્તિ છે. આટલા માટેજ બંને અભિન્ન છે. ભક્તિ-પ્રેમ, શ્રવણાદિ સાધન અથવા ફલાત્મિકા પરાભક્તિ બંને પ્રકારમાં અખંડ છે. આનું વિવરણ આગળ થશે. અહિંઆં પહેલાં ભક્તિપદાર્થને ઓળખવાની જરૂર લાગે છે જે પ્રકારે "ભક્તિમાર્ગ" શબ્દનો પ્રયોગ થાય છે તેજ પ્રકારે "ભક્તિરસ" શબ્દનો પ્રયોગ લોકમાં પ્રસિદ્ધ છે.

ભક્તિનું રસત્વ.

स्थायी भावो रसः स्मृतः એટલે કે સ્થાયીભાવને રસ કહે છે. **रतिर्देवादिविषयो भाव इत्यभिधीयते** દેવાદિવિષયા રતિને ભાવ કહેછે. અર્થાત વિભાવ, અનુભાવ, વ્યભિચાર, સાત્ત્વિક વગેરે ભાવોથી અનુમીયમાન મહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્નેહ રસરૂપ હોવાથી ભક્તિ પણ રસ છે. જો સ્નેહ મહાત્મ્યજ્ઞાનપૂર્વક હોય તો તેને પણ ભક્તિરસ કહે છે. નહિ તો લૌકિક સ્નેહ કહેવાય છે. નારદપઞ્ચરાત્રમાં કહ્યું છે કે -

माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोधिकः
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ॥

અર્થાત્ માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક જે સ્નેહ તેને ભક્તિ કહેવાય છે, અને એ ભક્તિથીજ મુક્તિ મલે છે. બીજા કશાયથી નહિ.

सा परानुरक्तिरीश्वरे। ઈશ્વરમાં અનુરક્તિને પરાભક્તિ કહેવાય છે, એમ શાંડિલ્ય મહર્ષિએ ભક્તિસૂત્રોમાં કહ્યું છે. પરાભક્તિનો અર્થ **(फलाभिसन्धिरहिता परा)** કોઈ પણ પ્રકારના ફલની આકાંક્ષા સિવાય ઈશ્વરમાં જે પ્રેમ થાય તે પરાભક્તિ ભક્તિરસ પણ અન્ય રસોનો ઉપલક્ષક છે. શૃઙ્ગારરસ સર્વ રસોમાં પ્રધાન (મુખ્ય) છે. એ અભીષ્ટ (ઈચ્છિન) છે. કારણ કે શૃઙ્ગારરસમાં અન્ય સર્વ રસોનો અન્તર્ભાવ છે. **रसो वै सः, सर्वरसः**

એટલે કે તે રસરૂપ છે. તે સર્વરસ છે આ શ્રુતિવાક્યોથી એમ જાણાય છે કે શૃઙગાર રસરૂપ શ્રીપુરૂષોત્તમવિષયકજ્ઞાનપૂર્વક, સ્નેહવિષયક આ માર્ગ છે. આ માર્ગ છે સરણિ નથી. જેવી રીતે રાજમાર્ગમાં ગમન કરવાથી ચોર વગેરેનો ભય હોતો નથી અને ગમનમાં સૌકર્ય હોય છે તેવી રીતે ભક્તિમાર્ગમાં અત્યન્ત પ્રયાસથી સાધ્ય શમદમાદિ સાધન નકામાં છે એટલા માટે ભક્તિમાર્ગ એ અનાયાસ સાધ્ય (વગર પ્રયત્નથી સાધી શકાય તેવો છે. અર્થાત્ આ માર્ગમાં ગમન કરનારાઓને શમદમાદિની કઠોર પરીક્ષામાંથી છૂટ મલે છે. શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે હે માધવ! તમારી સાથે જેને મિત્રતા છે એવો જે ભક્ત, તે કદિ માર્ગમાંથી પાછો પડતો નથી અને તમે રક્ષા કરતા હોવાથી તે નિર્ભય થઇને વિચરે (ફરે) છે. એકાદશ સ્કન્ધમાં કહ્યું છે કે –

જે માર્ગમાં આવ્યા પછી કદીપણ પ્રમાદ કરતો નથી અને આંખો મીંચીને દોડ્યા કરે છે તે કદીપણ લપસી પડતો નથી. કે માર્ગમાંથી ઠોકર ખાઇને પડી જતો નથી. આટલા માટેજ શ્રીમદાચાર્યચરણે તત્ત્વદીપનિબંધના ભક્તિપ્રકરણમાં કહ્યું છે કે, આ માર્ગમાં રહેતા ભક્તથી કદાચ વેદનિન્દા થઈ જાય અથવા તો અધર્મ થાય તો પણ તે નર્કનો અધિકારી થતો નથી પરંતુ તેને હીન યોનિ જન્મ લેવો પડે છે. આથી ભક્તિમાર્ગમાં પ્રથમથી શરૂ કરી અવધિ પર્યન્ત દુઃખથી રહિત સુખ છે એવો સિદ્ધાન્ત થયો.

ભક્તિશબ્દનો યૌગિક અર્થ.

“**भज सेवायाम्**” આ ધાતુથી “**क्तिन्**” પ્રત્યય થતાં “**भक्ति**” એવો શબ્દ થાય છે. અહિં **क्तिन्** એ પ્રત્યય છે અને **भज्** એ પ્રકૃતિ છે. પ્રત્યય ક્રિયા સામાન્ય અર્થને કહે છે. વૈયાકરણોનો એવો નિયમ છે કે પ્રકૃતિ અને પ્રત્યય એ બન્ને મલીને એક અર્થ થાય છે. અહિં ધાતુના અર્થથી બતાવેલી ક્રિયા પ્રધાનભૂત છે, અને તેનું પ્રત્યયમાં પર્યવસાન છે. પ્રધાનભૂત ક્રિયા એ માનસી સેવા છે. અને એજ ભક્તિ શબ્દનો અર્થ થાય છે. **अन्यत्रमना अभूवं नाशृणवम्। अन्यत्रमना अभूवम् नापश्यम्॥** મારૂં મન અન્યત્ર હોવાથી મેં સાંભળ્યું નહિ, અને અન્યત્ર મન હોવાથી મેં જોયું નહિ” ઇત્યાદિ વાજસનેય શ્રુતિના વાક્યોથી જણાય છે, કે ચક્ષુ અને શ્રવણ ઇંદ્રિયથી કામ કરતા હોવા

છતાં પણ જો મનની સ્થિતિ એકત્ર ન થઈ હોય તો યથાર્થ જ્ઞાન થતું નથી. ‘‘भज्’’ ધાતુનો અર્થ સેવા કરવી એ છે. અને ભાવ પ્રત્યયનો અર્થ પ્રધાનભૂતા (મુખ્ય) માનસીક્રિયા છે. આથી ભક્તિ શબ્દનો અર્થ પ્રેમરૂપી માનસીસેવા એમ નિષ્પન્ન થાય છે. અથવા તો આ શબ્દ શ્રવણાદિ નવ પ્રકારની ભક્તિમાં પારિભાષિક છે. શ્રીમદ્ભાગવતમાં પ્રહ્લાદજી કહે છે કે :-

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ।
इति पुंसार्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणा ॥

શબ્દાર્થ :- શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વન્દન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન આ પ્રકારોથી મનુષ્યદ્વારા વિષ્ણુની જે ભક્તિ કરાય છે તે નવવિધભક્તિ કહેવાય છે.

અન્ય લોકો ભક્તિશબ્દનો પ્રયોગ ઉપાસનાના અર્થમાં કરે છે. નૈયાયિકો આરાધ્યરૂપથી જે જ્ઞાન થાય તે તેને ભક્તિ કહે છે.

ભગવાન્ કપિલદેવે તો શ્રવણાદિ નવપ્રકારની ભક્તિના સાત્ત્વિકાદિ ભેદનથી ત્રણ પ્રકાર કહ્યા છે. અને ફરીથી એ દરેક ભેદના ત્રણ ત્રણ પ્રકાર કહ્યા છે. મતલબ કે સર્વ મલીને નવ ભેદ થાય છે. અને ફરીથી જો આ નવેના નવ નવ ભેદ બતાવે તો ૮૧ પ્રકાર થાય. શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે ભગવાન્માં જો અનિમિત્તા (કોઈપણ પ્રકારના ફલની આકાંક્ષા સિવાયની) ભક્તિ હોય તો તે સિદ્ધિથી પણ શ્રેષ્ઠ હોય છે, કારણ કે તે મોહરૂપી આચ્છાદનને દૂર કરી દે છે. જેવી રીતે ઢાંકી દીધેલો અગ્નિ આચ્છાદનને બાળી મૂકે છે તેવીજ રીતે મોહરૂપી આચ્છાદનને ભક્તિ દૂર કરે છે.

વળી નારદપઞ્ચરાત્ર અથવા શાંડિલ્ય સૂત્રમાં કહેવાયેલી માનસીસેવારૂપી ભક્તિ ઉપર પ્રમાણે યૌગિક રીતે બતાવી. એટલા માટેજ શ્રીમદાચાર્યચરણે (શ્રીમહાપ્રભુજીએ) કહ્યું છે કે ભગવાન્ના ચરણોમાં ચિત્ત લગાવી દેવું તેનું નામ તે સેવા અથવા તો આને માનસીસેવા કહે છે. ભક્તિનું લક્ષણ આ પ્રમાણે છે. ‘‘ભગવાન્નું ભજન તે ભક્તિ, અને તે ઐહિક અને આમુષ્મિક

ફલની આશા છોડી દઈને ભગવાન્‌માં ચિત્ત લગાડવું.'' અર્થાત્ મનદ્વારા ફલની આકાંક્ષા રાખ્યા સિવાય જે ભગવાન્‌ની સેવા તે ભક્તિ, મનનું સ્થિર થવું તે પરમ યોગ (ભક્તિયોગ) છે.'' ઈત્યાદિ શ્રુતિ પુરાણોના અનેક વચનોથી સિદ્ધ થાય છે કે ભક્તિમાર્ગ એ શ્રીપૂર્ણપુરૂષોત્તમની પ્રાપ્તિ માટે ઉત્તમ સાધન છે. અને આવા ભક્તિમાર્ગમાં માહાત્મ્યજ્ઞાન ઉત્પન્ન કરવા માટે અનુકૂલ કારણરૂપે બ્રહ્મવાદ કહેવાયો છે.

મહાત્મ્યજ્ઞાનથી ભક્તિ ઉત્પન્ન થાય છે.

જેનો આત્મા-શરીર મહાન્ છે તે મહાત્મા. અને એ મહાત્મા એટલે બ્રહ્મ. એ શબ્દ **बृह्** ધાતુ ઉપરથી આવેલો છે. **बृह्** ધાતુનો અર્થ વધવું અથવા વૃદ્ધિ પામવું એમ થાય છે. અને મહાત્માના ભાવ અર્થાત ધર્મને મહાત્મ્ય કહે છે. આવા માહાત્મ્યનું જ્ઞાન માહાત્મ્યજ્ઞાન કહેવાય છે. અર્થાત્ મહાત્મા **महत्** શરીરવાલા બ્રહ્મનું મહામહિમ જ્ઞાન એ મહાત્મ્યજ્ઞાનશબ્દનો અર્થ છે. મહાત્મ્ય જ્ઞાનરૂપ બ્રહ્મજ્ઞાન ભક્તિને ઉત્પન્ન કરવાવાળું છે. ''કારણ ના અભાવથી કાર્યનો પણ અભાવ થઈ જાય છે.'' એ ન્યાયથી ભગવત્સ્વરૂપ એ ભક્તિનો વિષય હોવાથી કારણરૂપ ભગવત્સ્વરૂપનું જ્ઞાન થવું આવશ્યક છે ભગવત્સ્વરૂપનું જ્ઞાન ન થવાથી ભક્તિ ઉત્પન્ન થઈ શક્તી નથી. એટલા માટે મહાત્મ્યજ્ઞાન એ ભક્તિને ઉત્પન્ન કરવા માટે અનુકૂલ છે, અથવા તો માહાત્મ્યજ્ઞાન એ ભક્તિનો જનક છે. અથવા જો ''અનુકૂલ'' શબ્દનો અર્થ સહકારી ભાવથી કરે તો સમુચ્ચય અર્થ થશે. અર્થાત્ માહાત્મ્ય જ્ઞાન એ ભક્તિને ઉત્પન્ન કરવામાં કારણરૂપ અથવા સહકારી છે.

આ પ્રકારે ભક્તિમાં ભગવાન્‌ના માહાત્મ્યજ્ઞાનની આવશ્યકતા (જરૂર) છે. અથવા તો તેની જરૂર પ્રેમની દઢતા માટે છે. માહાત્મ્યજ્ઞાનશબ્દના માહાત્મ્ય ને જ્ઞાન એમ બે ભાગ છે આમાં **जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात्। यतो वा इमानि भूतानि जायन्ते। सत्यं ज्ञानमनन्तं ब्रह्म। अपाणिपादो जवनो ग्रहीता॥** ઈત્યાદિ શ્રુતિમાં બતાવ્યા મુજબ જેનાથી જન્માદિ થાય છે, જેનાથી આ ભૂત ઉત્પન્ન થાય છે, બ્રહ્મ સત્ય અને જ્ઞાન અનન્ત છે ઈત્યાદિ કાર્યપ્રતિપાદક તથા સ્વરૂપપ્રતિપાદક વાક્યોથી જેનું જ્ઞાન થાય છે, જેની કલ્પનાના ઘોડા દોડાવવા

મન પણ અસમર્થ છે, એવા, જગત્‌ને અનાયાસે ઉત્પન્ન કરનાર, પાલન કરનાર, નાશ કરનાર, સંસારમાં લિપ્ત રહેનાર, અલિપ્ત રહેનાર, ભોક્તૃત્વ, કર્તૃત્વ, અકર્તૃત્વ "તેને હાથ ન હોવા છતાં પણ તે ગ્રહણ કરે છે, પગ ન હોવા છતાં પણ તે દોડે છે" ઈત્યાદિ વિરુદ્ધ ધર્માશ્રયથી બ્રહ્મના માહાત્મ્યની સિદ્ધિ થાય છે. અને એમ સિદ્ધ થાય છે કે ભક્ત અને જ્ઞાનનો સંબંધ ઉપજીવ્ય (ઉપજીવક કાર્ય કારણ) છે, એટલા માટે માહાત્મ્યજ્ઞાનમાં કારણીભૂત આનુકૂલ્ય-સહકારી ભાવ-બ્રહ્મજ્ઞાન છે એમ માનવું ઉચિત છે. આ પ્રકારનો બ્રહ્મવાદ આ ભક્તિમાર્ગ છે.

બ્રહ્મવાદનું સ્વરૂપ

આ પ્રકારનો અશ્રુત બ્રહ્મવાદ શું છે? તેમાં શી યુક્તિ છે, શું પ્રમાણ છે, તેનું સ્વરૂપ શું છે આ સર્વ શૃંખલાબદ્ધરૂપે કહે છે. **एकमेवाद्वितीयं ब्रह्म** બ્રહ્મ એકજ અદ્વિતીય છે. આ શ્રુતિમાં બ્રહ્મને એક અને અદ્વિતીય કહ્યું છે. સાથેસાથે નિશ્ચયાત્મક અવ્યયનો પણ પ્રયોગ છે. તેનું સ્વારસ્ય 'સ્વજાતીય, વિજાતીય અને સ્વગત ભેદવર્જિત બ્રહ્મ છે" એ પ્રકારે અર્થ કરવાથી પ્રકટ થઈ જાય છે. - "**एक**" પદથી સજાતીય - જીવના ભેદનો નિરાસ કર્યો છે, **एव** આ નિશ્ચયાર્થક અવ્યયથી વિજાતીય જડના ભેદનો નિરાસ છે અને **अद्वितीय** પદથી સ્વગત-અન્તર્યામી-ના ભેદને દૂર કર્યો છે. જે ધર્મ એકમાં હોઈને દરેકમાં અનુગત હોય તેને જાતિ કહે છે, આ જાતિના લક્ષણથી જીવ સજાતીય છે. કારણ કે જીવ અનેક છે અને તેમાં ચૈતન્યરૂપી જીવ સજાતીય છે. મુણ્ડકોપનિષદ્‌માં કહે છે કે : **यथा सुदीप्तात्पावकाद्विस्फुलिङ्गाः सहस्रशः प्रभवन्ते सरूपाः ॥** જેમ સારી રીતે પ્રજ્વલી રહેલા અગ્નિમાંથી વિસ્ફુલિઙ્ગ-ચિનગારીઓ ઉત્પન્ન થાય છે તેમ બ્રહ્મમાંથી સહસ્રશઃ અસંખ્ય સરૂપ જીવ ઉત્પન્ન થાય છે."

અહિં સરૂપ પદ યોજ્યું છે. તેથી જીવ ચેતનત્વ-નિત્યત્વ-આદિ ધર્મથી બ્રહ્મનો સજાતીય છે એમ સમજવું. જડ વિજાતીય છે, કારણ કે તેમાં જડત્વ અને અનિત્યત્વાદિ છે. અને અન્તર્યામીનું સ્વગતત્વ પ્રકટ સચ્ચિદાનંદરૂપ હોવા છતાં પણ પરિચ્છિન્ન પ્રતિનિયતકાર્યકર્તૃત્વાદિથી જ્ઞાત થાય છે.

દ્વૈત અને અદ્વૈતનું ઉદાહરણ.

સજાતીય દ્વૈત ખણ્ડ, મુણ્ડ અને વિજાતીય દ્વૈત ઘટ-પટની માફક જાણવું, પુષ્પની સાથે વૃક્ષને અખણ્ડ સમ્બન્ધ હોવા છતાં પણ વૃક્ષમાં પુષ્પત્વ નથી એ પ્રકારે સ્વગતમાં પ્રકટ સચ્ચિદાનંદ હોવા છતાં પણ પરિચ્છિન્નત્વ અને પરિમિતકાર્યકર્તૃત્વરૂપે ભેદ છે. આવા પ્રકારનો ભેદ અથવા દ્વૈત ન હોય તેનું નામ અદ્વૈત અને તે ચિદ્રૂપથી જીવમાં, સદ્રૂપથી જડમાં અને પ્રકટાનન્દરૂપથી અન્તર્યામી-સ્વગતમાં આ પ્રકારે ત્રણેયમાં અનુસ્યૂત હોવાનું કારણ અદ્વિતીયત્વ બ્રહ્મમા વિદ્યમાન છે. એટલા માટેજ શ્રીમદાચાર્યચરણે કહ્યું છે કે "બ્રહ્મ સજાતીય, વિજાતીય, સ્વગતદ્વૈત વર્જિત છે."

કાર્યકારણરૂપર્થા અદ્વૈત

આ પ્રકારે કારણ દશામાં રહેલા બ્રહ્મનો અભેદ પ્રતિપાદન કરનારી શ્રુતિઓ કહીને કાર્યદશામાં રહેલા બ્રહ્મનો અભેદ પ્રતિપાદન કરનારી શ્રુતિઓને કહે છે "આ સર્વ પુરૂષ (બ્રહ્મ)જ છે" (**पुरुष एवेदꣳ सर्वम्**) આ શ્રુતિ તૈત્તિરીયોપનિષદ્‌ના સહસ્રશીર્ષાનુવાકમાં કહેવાયલી છે. ત્યાં આગળ કહે છે કે "**यद्भूतं यच्च भाव्यम्**" જે થઈ ગયું છે અને જે થવાનું છે તે બ્રહ્મ છે. આ બન્ને શ્રુતિઓનો અર્થ આ પ્રકારે છે. પુરુષોત્તમ (**उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः**) ઉત્તમ પુરૂષ એ અન્ય છે અને તેને પરમાત્મા કહેવાય છે" આ વાક્યથી પુરૂષોત્તમ અર્થ થાય છે. **इदꣳसर्वं यद्भूतं यच्च भाव्यं** આ સર્વ ભૂત અથવા ભાવી એ બ્રહ્મ છે. આ શ્રુતિમાં પણ ભૂત અને ભાવી શબ્દથી જેનો વ્યવહાર કરાય છે તે સર્વ જગત ઘટપટાત્મક નામ અને રૂપથી ભિન્નભિન્ન પ્રકાર દેખાતું આખુંજ જગત "પુરૂષ" પરમાત્મા પૂર્ણ પુરૂષોત્તમજ છે. આમાં ઉપાદાન કારણરૂપથી પુરૂષોત્તમજ અનુસ્યૂત હોવાથી તે પુરૂષોત્તમજ છે, અન્ય નહિ, કારણ કે **जन्माद्यस्य यतः** જેનાથી આ જગતના જન્માદિ છે,' **यतो वा इमानि भूतानि जायन्ते।** "જેમાંથી આ પ્રાણિમાત્રની ઉત્પતિ થાય છે" **तत्तु समन्वयात्** તે બ્રહ્મજ આ જગતનું સમવાયિ કારણ છે. ઈત્યાદિ શ્રુતિ અથવા સૂત્રમાં પાણિનીય સૂત્રથી પંચમી વિભક્તિ સમવાયિ કારણનોજ નિર્દેશ કરે છે. આજ વાત વ્યાસસૂત્રના પ્રથમાધ્યાયના તૃતીયસૂત્રના ભાષ્યમાં શ્રીમદાચાર્યચરણે

બતાવી છે જેથી તેનુ અહીંયા વધારે વિવેચન કર્યું નથી. છાન્દોગ્યોપનિષદમાં શ્વેતકેતૂપાખ્યાનમાં પણ એજ કહ્યું છે. **ऐतदात्म्यमिदं सर्वम्** ॥ આ સર્વ ઐતદાત્મ્ય છે. અર્થાત આ આત્માથી ઉત્પન્ન થયેલુ છે. આજ ઉપાખ્યાનના પ્રારંભમાં કહ્યું છે **अपि वा तमादेशमप्राक्षो येनाश्रुतं श्रुतं भवति** ॥ ''શું તે તું જાણે છે કે જેનાથી નહિ સાંભળેલું થઈ જાય'' ઈત્યાદિ એક વિજ્ઞાન (જાણવા)થી સર્વ વિજ્ઞાનની પ્રતિજ્ઞા છે. આ એકજ સર્વ થઈ જાય છે.

જેવી રીતે સુવર્ણના કકડા, સુવર્ણનાં સર્વ કાર્ય એ સર્વ સુવર્ણજ છે, સુવર્ણના જ્ઞાનથી જ સર્વ સુવર્ણ કાર્યોનું જ્ઞાન થઈ જાય છે, આથી હે સૌમ્ય। સર્વ પહેલાં સત્ હતું (**सदेव सौम्येदमग्र आसीत्**) અહિંથી આરંભ કરીને નિરૂપણ કર્યું છે ત્યાર પછી સર્વ જડ પણ તદાત્મક છે એ કહેવાને વાસ્તે **ऐतदात्म्यमिदं** ઈત્યાદિ કહ્યું છે. આ શ્રુતિનો આ અર્થ છે કે – આ આત્માથી સર્વ આવિર્ભાવ પામેલું છે. અહિં પણ પાંચમી વિભક્તિ સમવાયિકારણ બતાવે છે. અર્થાત્ આ આત્માથી મુત્તિકાથી ઘટની પેઠે સદ્રૂપથી આ જગત થયું છે. હે સૌમ્ય, આ સર્વ પહેલાં સત્ હતું આ દષ્ટાન્તવાક્યમાં જડને તદાત્મક કહીને પુનઃ દઢ કરવા સારૂ દષ્ટાન્તરૂપે કહ્યું છે અને આની પહેલાં વિનાશિત્વાદિ જડગતદોષોનો પરિહાર કરવા સારૂ ''તે સત્ય છે'' (**तत्सत्यम्.**) એમ કહ્યું છે. હવે સત્ શબ્દનો અર્થ કહે છે. સત એટલે અનાગન્તુક અનારોપિત. આની પહેલા જડ અને જીવના સદાત્મક હોવામાં છે. હેતુ કહે છે કે તે પરમેશ્વર આત્મા સર્વના સ્વરૂપભૂત છે. 'તે સત્ય છે' આ પહેલાં કહેલું સત્ય એટલે કે સર્વ કાલમાં કહેવાવાલું છે. આનાથી વૈનાશિક મત, અર્ધ વૈનાશિક મત, અસત્વ વિનાશિત્વ મત. માયાવાદ વગેરે સર્વ મતોનો નિરાસ થાય છે જેવી રીતે સુવર્ણ એ – કટ, કુણ્ડલ ઈત્યાદિનું કારણ છે. તેવીજ રીતે બ્રહ્માત્મક આ સર્વ જગત હોવાથી તે પણ બ્રહ્મના સત્યપણાથી સત્ય છે એમ જણાવ્યું છે. જડના તદાત્મક હોવા પછીથી જીવને પણ તદાત્મક કહેવાને સારૂ ''**तत्त्वमसि**'' એ વાક્ય કહ્યું છે. એનો અર્થ આ પ્રમાણે થાય છે. **तत्त्व**=તેવો તુંજ (**ऐतदात्म्य**) **असि** = તું છે. અર્થાત જેવી રીતે **ऐतदात्म्य** (આ આત્માથી ઉત્પન્ન થનારો) જડ છે તેવી રીતે હે જીવ તું પણ ''એતદાત્મ્ય'' છે અહિંઆં **असि** ક્રિયાપદથીજ મધ્યમ પુરૂષના એકવચનનું જ્ઞાન થાય છે. પછી **त्वम्** પદની

આવશ્યકતા રહેતી નથી. એટલા માટે 'तत्त्वम्-तस्य भावः तत्त्वम्'' એવું પદ માનવું ઉચિત છે એવું શ્રીપુરૂષોત્તમજી આવરણ ભંગમાં લખે છે. અને શ્રી હરિરાયજી પણ 'तत्त्वमसि' શ્રુતિ, સમ્પૂર્ણ પ્રપાઠકની ઉપલક્ષિકા આ શ્રુતિ છે એમ કહે છે. આ સર્વનું નિબન્ધ વિદ્વન્મણ્ડન, ઈત્યાદિ ગ્રન્થોમાં વિસ્તારપૂર્વક વિવેચન કરેલું છે.

स वै सर्वमिदं जगत् એ (બ્રહ્મ) આ સર્વ જગત છે. એ શ્રુતિથી પૂર્વોક્ત રીતિ અનુસાર એ સ્પષ્ટ રીતે જ્ઞાન થાય છે. અને "હે સૌમ્ય? આ પ્રજા સન્મૂલ, સદાયતન, સન્પ્રતિષ્ઠાન છે. આ સર્વ પહેલો આત્મા બ્રહ્મ હતો. હે સૌમ્ય! પહેલાં સત હતું તેમાંથી સ્વયં આ સર્વ બનાવ્યું'' વગેરે શ્રુતિઓથી પહેલાં બ્રહ્મ એ પ્રપઞ્ચરૂપી બ્રહ્મ હતું એમ જણાય છે, કારણ કે પહેલાં એનાથી અતિરિક્ત કોઈ પદાર્થજ ન હતો.

જગત્ ઉત્પન્ન કેમ થયુ?

''एकोऽहं बहुस्याम એ (બ્રહ્મ) ને એમ ઈચ્છા થઈ કે હું એકલો છું તે બહુ થાઉં'' આ શ્રુતિઓથી સિધ્ધ થાય છે, કે જ્યારે તે આનન્દમાત્ર - આનન્દમાત્ર કરપાદમુખોદરાદિ પ્રભુને રમણ કરવાની ઈચ્છા થઈ ત્યારે પોતે આ જગત્નું ઉત્પન્ન કર્યું. (કારણ કે સૃષ્ટિના પ્રારંભકાલમાં બ્રહ્મથી અતિરિક્ત કોઈપણ પદાર્થ હતો નહિ, તો પછી જગતનું ઉપાદાન કારણ બ્રહ્મ શિવાય બીજો કોણ હોઈ શકે? અર્થાત્ ભગવાન્ જાતેજ જગદ્રૂપમાં પ્રકટ થયા છે.) એટલા માટે સુવર્ણમાંથી જેવી રીતે કટકકુણ્ડલાદિ બને છે, તેવીજ રીતે બ્રહ્મમાંથી જગત્ ઉત્પન્ન થાય છે. જગત્નો આવિર્ભાવ આનન્દમાત્રકરપાદમુખોદરાદિવિશિષ્ટ પૂર્ણપુરૂષોત્તમની ક્રીડા અર્થાત્ રસાદિકને અનુરૂપ આનન્દાત્મક નિજભક્તોની સાથે તથા તદનુકૂલ તાદશી આત્મીયપદાર્થોની સાથે રમણ છે. જો જગત્ બ્રહ્માત્મક ન હોય તો ભગવાન્ની રમણ સામગ્રીમાં તાદશ્યસ્વરૂપ અને ભક્તોમાં સમાનશીલવ્યસનત્વનો અભાવ થઈ જવાથી રમણનો અનુભવ નહિ થાય. અતઃ આનન્દરૂપ ભગવાન્ની ક્રીડાનું ઉપકરણ પણ આનન્દરૂપ અર્થાત્ બ્રહ્મરૂપ છે. ક્રીડા આધાર વિના થતી નથી. અતઃ આધારત્વે જડજીવાત્મક

સચ્ચિદંશથી સત્યરૂપ પ્રપઞ્ચનો આવિર્ભાવ કર્યો છે. ભગવાન્‌જ પ્રપઞ્ચરૂપે આવિર્ભાવ પામીને સર્વને પોતાનો અનુભવ કરાવે છે. પ્રપઞ્ચ (જગત્) ભગવદ્રૂપ હોવાથી તેનો આવિર્ભાવ થાય છે પરંતુ જન્મ થતો નથી. કારણ કે તે નિત્ય અને અપરિચ્છિન્ન છે તેથી તેનું નિત્ય અને અપરિચ્છિન્ન તનુમાં પ્રાકટ્ય છે. આ દૃષ્ટિગોચર થતું સર્વ જગત્ એ પૂર્ણપુરૂષોત્તમના આવિર્ભાવ સિવાય બીજું કોઈ નથી કારણ કે **पुरुष एवेदꣳ सर्वम्** આ સર્વ પુરૂષ ભગવાન્‌જ છે ઈત્યાદિ પૂર્વોક્ત શ્રુતિઓ આમાં પણ પ્રમાણ છે. આ જડમાં ભગવાન્‌ની ઈચ્છાથી સદંશનો આવિર્ભાવ છે અને ચિત્ તથા આનંદાશનો તિરોભાવ છે. સત્ અને ચિદંશ એ જીવમાં પ્રકટ છે, અને આનન્દાંશનો તેમાં તિરોભાવ છે. જડ અને જીવનો આવિર્ભાવ કેવળ ક્રીડા માટેજ છે, અને તેથીજ તેમાં તે ધર્મોનો આવિર્ભાવ અને અન્ય ધર્મોનો તિરોભાવ છે.

જગત્ અને બ્રહ્મનો અભેદ.

આ પ્રકારે કાષ્ટવહ્નિ ન્યાયથી આવિર્ભૂત અને અનાવિર્ભૂત બન્ને સ્વરૂપમાંજ **सत्यं ज्ञानमनन्तं ब्रह्म** સત્ય, જ્ઞાન, અને અનન્તલક્ષણલક્ષિત બ્રહ્મરૂપ સચ્ચિદાનંદસ્વરૂપ અથવા ભગવત્સ્વરૂપ જગત્ છે એમ સિદ્ધ થાય છે.

સુવર્ણ અને કટકકુણ્ડલાદિની માફક કાર્ય અને કારણનું ઐક્ય હોવાથી બ્રહ્મ અખણ્ડ અને આદ્વિતીય છે, એ શ્રુતિઓનું તાત્પર્ય છે. આ પ્રકારે શ્રુતિ તાત્પર્યરૂપ અખણ્ડાદ્વૈત આ બ્રહ્મવાદ છે. એટલા માટે **सर्वं खल्विदं ब्रह्म** આ સર્વ બ્રહ્મજ છે એ શ્રુતિઓને અનુસરીને શ્રીમદાચાર્યચરણ પણ કહે છે કે **अखण्डं कृष्णवत् सर्वमिति निर्गलितं वचः** આ સર્વ અખણ્ડ આનન્દમય શ્રીકૃષ્ણરૂપ છે અને તેજ વાણીનો નિષ્કર્ષ છે.

શું દ્વૈતાપત્તિ છે?

હવે અહિં શંકા થાય છે કે કાર્યકારણસ્વરૂપ વિલક્ષણ (જુદાં) હોવાથી તથા એકનાંજ બન્ને રૂપ (બ્રહ્મ અને જગત્ અથવા ઈશ્વર અને જીવ) હોવાથી અખણ્ડ અદ્વૈત ન થતાં દ્વૈત થઈ જશે. તે આ શંકાનું નિરાકરણ કરે છે. **नेह नानास्ति किञ्चन** અહિં કંઈ પણ નાના (અનેક, ઘણા) નથી.

(કાઠકોપનિષદ્ દ્વિતીય અધ્યાય પ્રથમ વલ્લી) તેમાં પ્રથમાધ્યાયની પૂર્વવલ્લીમાં યમને સર્વને નાશ કરનાર તરીકે નિરૂપેલ છે. આ સાંભળીને તથા સર્વ પારમાર્થિક નથી, એમ જાણીને શિષ્યે પારમાર્થિક વર માગ્યું. તદનન્તર દ્વિતીયવલ્લીમાં શિષ્ય વિરક્ત છે, એમ પરીક્ષા કરીને મોક્ષનો હેતુ કેવલ બ્રહ્મ વિદ્યાની અભિલાષાવાલો છે. તે બતાવવા સારૂ યમને અભ્યુદય અને નિઃશ્રેયસ્ (મોક્ષ) ના હેતુ જેવી વિદ્યા અને અવિદ્યાનો વિભાગ કહ્યો. આ પછી એ વિદ્યા અને અવિદ્યાનું ફલ કહેવા માટે તૃતીયવલ્લીનો આરંભ કર્યો. આ પ્રકારે સંક્ષેપમાં પ્રથમાધ્યાયનો અર્થ થાય છે. તદનન્તર દ્વિતીયાધ્યાયમાં પૂર્વોક્ત વિદ્યાદિ પ્રપઞ્ચને કહેવા માટે પ્રથમવલ્લીનો આરમ્ભ કરે છે. "અધિદેવ અગ્ન્યાદિ તથા અધ્યાત્મ વાગાદિ દેવતા સ્થિતિ કાલમાં આવિષ્ટ થાય છે. અર્થાત્ આ હિરણ્યગર્ભરૂપ ભગવાન્ની તદાત્મતાનું ઉલ્લઙ્ઘન નથી કરતા તેથી તેનાથી અલગ નથી અર્થાત્ નાના નથી. એવી રીતે દેવતારૂપ આધિદેવ અને અધ્યાત્મને જે દેખે છે, તે નિશ્ચયીરૂપથી આ પ્રકરણમાં કહેલા બ્રહ્મને દેખે છે. અહિં ઉપક્રમ અને અધ્યાત્મને જે દેખે છે, તે નિશ્ચયરુપથી આ પ્રકરણમાં કહેલા બ્રહ્મને દેખે છે. અહિં ઉપક્રમ અને ઉપસંહારમાં જીવને ઈશતા કહી છે. આની મધ્યમાં જડની પણ એકતા બતાવી છે. આ પ્રકારે તેનું નાનાત્વઅનેકત્વનું દર્શન ન થતાં જે લોકોને નાનાત્વ દર્શન થાય છે તે ભ્રાન્તિ છે, એ સૂચન કરવા માટે કહે છે કે 'જે અહિં છે તે સર્વત્ર છે. અને જે સર્વત્ર છે તે અહિં છે.' અર્થાત્ જીવોપાધિમાં તથા ઈશ્વરોપાધિમાં અનુપ્રવિષ્ટ તે બ્રહ્મ છે." ઉપાધિકૃત્ ભેદ મિથ્યા છે. તે નિન્દાના રૂપમાં કહે છે કે તે મૃત્યુથી (કાલથી) મૃત્યુને પ્રાપ્ત થાય છે, જે અહિં નાના–અનેકની ભ્રાન્તિથી દેખે છે. ભ્રાન્તિ શબ્દ અહિં ચિદ્રૂપના ઐક્યનો અવિરોધ સૂચવે છે. કારણ કે ચિદ્રૂપથી ઐક્ય થાય છે. અહિં વ્યતિહારોક્તિ ઐક્ય–અદ્વૈતને દઢ કરવા સારૂ ભેદવિદ્યાનું નિવર્તક અને અવિદ્યાનું કાર્ય હોવાથી તે મિથ્યા છે એટલા માટે તે કહે છે કે **मनसैवेदमाप्तव्यम्, नेह नानास्ति किञ्चन** એને મન વડેજ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ. અહિં નાના–અનેક કંઇ છે જ નહિ." મનવડે અથવા આચાર્ય અને આગમોપદિષ્ટ (વેદમાં ઉપદેશેલી) એકાગ્રતાથી તેને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ. અહિંઆં વચમાં **एव** શબ્દ નિશ્ચયાત્મક છે, અને

તેનાથી ચક્ષુરાદિભેદગ્રાહક ઇંદ્રિયોનો નિરાસ જ્ઞાત થાય છે. પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખવી જોઇએ એનો અર્થ તેને જાણવા અથવા ઓળખવાની ઇચ્છા કરવી જોઈએ અર્થાત્ ભેદગ્રાહિ ચક્ષુરાદિ ઇન્દ્રિયોથી તે જાણાતું નથી. પરન્તુ મન વડેજ તે જાણાય છે. આ સર્વ કઠવલ્લી ભાષ્યમાં વિસ્તૃત રૂપથી વર્ણવેલી છે. પૂર્વોક્ત (પ્રથમાધ્યાયમાં કહેલું) અભેદ બોધક શ્રુતિ વાક્યોની પહેલાંની શ્રુતિમાં વૈલક્ષણ્ય હોવા ઉપરાંત તથા દ્વૈતનો નિષેધ હોવાથી દ્વૈતાપત્તિ સંભવતીજ નથી. સુવર્ણ અને કટકકુણ્ડલાદિમાં વૈલક્ષણ્ય હોવા છતાં પણ વસ્તુતઃ દ્વૈતનો અભાવજ છે. અત એવ શ્રુતિ પણ તેવોજ અભેદ કહે છે "તપ-જ્ઞાનથી પૂર્વ ઉત્પન્ન અને ઉદકથી પણ પૂર્વ ઉત્પન્ન પ્રાણિમાત્રના હૃદયાકાશમાં પ્રવેશ કરીને (પઞ્ચ મહાભૂતોની સાથે) જે હિરણ્યગર્ભરૂપ તેજ દેખાય છે તે બ્રહ્મ છે. આ પ્રકારે 'તે તેછે' " કોઇ ધીર-બુદ્ધિમાન્ મનુષ્ય મોક્ષની ઇચ્છા કરતો સર્વ ઇંદ્રિયોને અન્તર્મુખ કરીને ઇંદ્રિયોથી ઉલટુ ગમન કરવાવાલા આત્માને દેખે છે." "કોઇ અવિદ્વાન્ સત્યને મિથ્યા માનીને બે છિદ્રોમાંથી એકજ જ્યોતિનાં ભિન્ન ભિન્ન દેખાતાં કિરણોને જોઈ એકજ કહે છે તે યોગ્ય નથી." " જેવી રીતે સુવર્ણના કટક કુણ્ડલાદિનાં નામ વ્યવહાર દશામાં બોલાય છે તેવીજ રીતે અધોક્ષજ ભગવાન્જ અનેક પ્રકારની વાણીથી લૌકિક અને વૈદિકદ્વારા બોલાય છે." ઇત્યાદિ અનેક વાક્યોથી અભેદનું પ્રતિપાદન કર્યું છે. આમ અદ્વયબ્રહ્મનું પ્રપઞ્ચ રૂપમાં પણ સચ્ચિદાનંદરૂપ - જડ જીવાન્તર્યામી રૂપમાં-નાનાત્વ-અનેકત્વ નથી. કિન્તુ જેને બ્રહ્મજ્ઞાન નથી તેને આવિદ્યાથી-માયાશક્તિથી-નાનાત્વ દેખાય છે. "જ્યાંસુધી ગુણોમાં વિષયતા છે ત્યાંસુધી આત્મા નાનાત્વને જુએ છે, કિન્તુ સ્વપ્નની પશ્ચાત્ પ્રબુદ્ધ હોતાં સ્વાપ્નિક જ્ઞાનની ભ્રાન્તિતી માફક નાનાત્વની પણ નિવૃત્તિ થાય છે. આથી અવિદ્યાથી ભાસમાન ભેદ મિથ્યા હોવાને લીધે વિલક્ષણતા નથી. પરન્તુ એકરૂપ છે. આથી સિદ્ધ થાય છે કે બ્રહ્મ એકરૂપ હોવાનું કારણ ઉપનિષદ્માં એક વિજ્ઞાન કહ્યું છે. વાચારમ્ભણ શ્રુતિથી પણ પ્રપઞ્ચનું સમવાયિ કારણ બ્રહ્મ છે."

વાચારમ્ભણશ્રુતિનું સ્વારસ્ય.

છાંદાગ્યોપનિષદ્માં કહ્યું છે કે वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् ।

વાણીના કારણથી જે આરમ્ભ (ઉચ્ચાર) થાય છે, તે નામધેય છે. કારણ કે તે તે પદાર્થ અને ક્રિયાસિદ્ધિના માટે તે તે નામથી વ્યવહાર થાય છે. અતઃ કારણથી કાર્ય અભિન્ન છે એમ સાબિત થયું. ઘટાદિ નામ એ મૃત્તિકાના વિકારરૂપ છે. અતઃ મૃત્તિકા (કારણ) જ્ઞાનથી ઘટાદિ (કાર્ય)નું પણ જ્ઞાન થઇ જાય છે. આથીજ ઉપરની શ્રુતિમાં **'मृत्तिकेत्येव सत्यम्''** એમ કહ્યું છે.

અત એવ ભગવાન્ વેદવ્યાસજી કાર્યબોધક શ્રુતિમાં મુક્તિના વિરોધનો પરિહાર કરીને કાર્યબોધક વાક્યાન્તરમાં શ્રુતિવિરોધનો પરિહાર કરવા સારૂ **''तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः''** એ સૂત્ર કહે છે. વાચારમ્ભણાદિ વાક્યમાં કાર્યને કારણથી અનન્ય-અભિન્ન કહ્યું છે, નહિ કે મિથ્યા. સૂત્રમાં આદિપદ ઉપન્યસ્ત છે, તે ઉપર્યુક્ત શ્રુતિમાં પઠિત **'इति'** **'नामधेयम्'** તથા પૂર્વોક્ત 'હે સૌમ્ય પહેલાં આ (જગત્) સત્ હતું' ઈત્યાદિ વાક્યોનું સંગ્રાહક છે.

મતાન્તરનિરાકરણ

तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः શ્રીરામાનુજાચાર્યજી અને ભાસ્કરાચાર્યજીનો એમ મત છે કે આ સૂત્ર ભેદવાદનું નિરાકરણ કરવા વાસ્તે છે. અને એમાં આનુષાઙ્ગિક રૂપે માયાવાદનું પણ નિરાકરણ કર્યું છે. કિન્તુ આ મતનું નિરાકરણ શ્રીમદાચાર્યચરણે અણુભાષ્યમાં અને શ્રીપુરુષોત્તમજીએ ભાષ્યપ્રકાશમાં વિશદરૂપથી કર્યું છે. ભેદવાદનું નિરાકરણ તો પહેલાંજ ૨-૧-૧૧ સૂત્રમાં કર્યું છે. તથા પ્રકૃતિવાદનો નિરાસ પૂર્વમાંજ ૧-૪-૨૩ સૂત્રમાં કર્યો છે. વિસ્તારના ભયથી તેનું વિવેચન અહિં કર્યું નથી.

નાનાત્વનિરાકરણ.

ઘટ-ઘડો, પટ-વસ્ત્ર ઈત્યાદિ અનેક પદાર્થ છે. આ સર્વનું એક રૂપથી જ્ઞાન ક્યા પ્રકારે થશે?

આ પ્રશ્નનું સદૃષ્ટાંત ઉત્તર નીચે પ્રમાણે છે:- જેવી રીતે બાલકનું મનોરંજન કરવા માટે શર્કરાના કઙ્કણાદિઆભરણ, ઘર, હાથી, ઘોડા આદિ ભિન્નભિન્ન પદાર્થ બનાવેછે, અને તે અનેકની પ્રતીતિ કરાવે છે તથાપિ શર્કરા

સર્વરૂપમાં એકજ છે - શર્કરારૂપ વસ્તુ નાના-અનેક નથી- તેવીજ રીતે કાર્ય કારણભાવથી આ જગતમાં પણ નાનાત્વ નથી. કારણ કે બ્રહ્મ સર્વરૂપ હોવાથી તેમાં નાનાત્વની પ્રતીતિ થતી નથી. જેને બ્રહ્મજ્ઞાન થઇ ગયું છે તેને માત્ર બ્રહ્મ અરૂપદષ્ટિ હોવાથી નાનાત્વની પ્રતીતિ થતી નથી. કિન્તુ જેને બ્રહ્મજ્ઞાન નથી થયું તેને અવિદ્યાથી માયાશક્તિથી નાનાત્વની પ્રતીતિ થાય છે. કારણ કે તેની દષ્ટિ તાત્પર્યના વિચારના અભાવમાં અસમ્મત છે. અર્થાત્ વાસ્તવિક દષ્ટિના અભાવથી એક સ્વરૂપનું જ્ઞાન હોવાનું કારણ નાનાત્વ પ્રતીતિ થાય છે, વસ્તુમાં એકરૂપતાનો અભાવ અર્થાત્ નાનાત્વ નથી. પૂર્વોક્ત (બાળક અને શર્કરાનાં રમકડાંના) દષ્ટાંતથી સિદ્ધ થાય છે કે બાલકો (યથાર્થ જ્ઞાનશૂન્ય જનો)ની દષ્ટિ તાત્પર્યજ્ઞાન અને વિચારથી શૂન્ય હોવાથી અસમ્મત-અયથાર્થ છે. મૃદાદિ (બ્રહ્મના સદંશરૂપ) સમવાયિ કારણથી ઘટ પટાદિ પદાર્થ બને છે. અને બ્રહ્મનો સદંશ સર્વમાં અનુસ્યૂત-વ્યાપ્ત છે એટલા માટે તે રૂપથી સર્વ એકરૂપ હોવાનું કારણ કહ્યું છે અને તેથી નાનાત્વ નથી. પૂર્વોક્ત શ્રુતિઓનું તાત્પર્ય પણ એજ છે. અને કાર્ય શું છે,કારણ શું છે? અને તેમનું સ્વરૂપ કેવું છે? અજ્ઞ પુરુષોને તાત્પર્ય કે જ્ઞાનનો વિચાર હોતો નથી તો પછી તેની દષ્ટિ સમ્મત કેવી રીતે થાય? તાત્પર્ય અને વિચારને માટે ઉત્તરમીમાંસા શાસ્ત્ર છે. વેદમાં (વિશદ રૂપથી) વિચાર ન હોવાને કારણે તેનાથી નિઃસાન્દિગ્ધ જ્ઞાન થતું નથી આથી ઉત્તરમીમાંસાથી વિચાર કરવો જોઇએ. કર્મ, અકર્મ અને વિકર્મ આદિ વેદવાદ લૌકિક નથી. વેદ ઈશ્વરાત્મ ઈશ્વરરૂપ-હોવાને કારણે તેમાં (તેના અર્થમાં) વિદ્વાનોને પણ મોહ (સન્દેહ) થાય છે. અતઃ આ મીમાંસાશાસ્ત્ર પણ બહિર્દષ્ટિ સાપેક્ષ નથી કિન્તુ અન્તર્દષ્ટિ સાપેક્ષ છે. અત એવ શ્રીમદાચાર્યચરણોએ પણ જણાવ્યું છે કે -

असन्दिग्धेऽपि वेदार्थे स्थूणाखननवन्मतः ।
मीमांसानिर्णयः प्राज्ञे दुर्बुद्धेस्तु ततोद्वयम् ॥ १ ॥

વેદનો અર્થ બુદ્ધિમાન્ (જેને અન્તર્દષ્ટિ છે) તે સ્થૂણાખનનન્યાયથી દઢતાને સારૂ મીમાંસામાં નિર્ણય છે, કિન્તું દુર્બુદ્ધિ (હીનાધિકારી) મનુષ્યને માટે ભેદાર્થ નિર્ણય અને દઢતા બંને પ્રકાર ઉપયોગી છે. આ મીમાંસાશાસ્ત્રમાં

બ્રહ્મનું અખણ્ડ અદ્વૈત સિદ્ધ કર્યું છે.

અત એવ-સ્વેચ્છાથી ક્રીડાર્થ આધારરૂપથી પ્રપંચરૂપને સમ્પાદન કરવા સારૂ સ્વયં તદ્રૂપ હોવાથી ભગવાન્‌જ (પ્રપંચરૂપથી) પ્રાદુર્ભૂત છે તેથી "આ સર્વ અદ્વિતીય બ્રહ્મ છે" ઇત્યાદિ શ્રુતિઓનું તાત્પર્ય- પ્રમાણબળથી સર્વરૂપથી અખણ્ડ અદ્વૈત બ્રહ્મ છે.

પ્રપઞ્ચમાં હેયત્વ બુદ્ધિ

પ્રપંચ (જગત્) બ્રહ્મરૂપ છે એમ સિદ્ધ કરવાથી શાસ્ત્રોમાં જે પ્રપંચ ત્યાગ કરવાનું કહ્યું છે તેનો વિરોધ આવશે. જો પ્રપઞ્ચ બ્રહ્મરૂપ છે તો તેનો ત્યાગ થઈ શકતો નથી અને જો તે અસત્ય છે તો તે બ્રહ્મરૂપ થઇ શકતું નથી. આવી જો શઙ્કા થાય તો તેનું સમાધાન આ પ્રકારે છે. "રમણી, રથ, ઘોડા ઇત્યાદિ મનુષ્યને અપ્રાપ્ય હોવા છતાં પણ મોક્ષને માટે તેનો ત્યાગ કરવો આવશ્યક છે." ઇત્યાદિ વાક્યોમાં પ્રાપઞ્ચિક પદાર્થોનો ત્યાગ કરવાનો કહ્યો છે. જો કે શાસ્ત્રોમાં ત્યાગનો ઉપદેશ છે તથાપિ પ્રપઞ્ચને અસત્ય વા ભગવદ્રૂપથી અતિરિક્ત કહી શકાતું નથી. કારણકે આ વાક્યોનું પ્રયોજન વૈરાગ્ય ઉત્પન્ન કરવાનું છે. આ પ્રપઞ્ચસૃષ્ટિ ભગવત્ક્રીડાથીજ છે. આથી પ્રપઞ્ચ ભગવત્ક્રીડા પ્રયોજક હોવાથી તે ભગવાન્‌થી અતિરિક્ત અથવા મિથ્યા નથી, કિન્તુ ભગવદ્રૂપજ છે. જો પ્રપઞ્ચને મિથ્યા કહે તો ભગવત્ક્રીડા પણ મિથ્યા થઇ જશે. તથા "**एकोऽहं बहुस्याम्** હું એકજ છું તે બહુ રૂપે થાઉં" એ શ્રુતિ વાક્ય પણ મિથ્યા થઇ જશે. આથી સિદ્ધ થાય છે કે શાસ્ત્રોમાં જે ત્યાગનો ઉપદેશ કહ્યો છે તે જગત્ મિથ્યા છે તેના માટે નથી, પરન્તુ તેનું પ્રયોજન અન્ય છે. આ વિચિત્ર સૃષ્ટિમા સ્ત્રીત્વ, પુંસ્ત્વ, યુવત્વ, બાલત્વ, વૃદ્ધત્વ, આદિ અનેકમાં મિત્ર, સ્ત્રી, બન્ધુ વિગેરે પ્રકારના ભાવથી સ્વીયત્વ બુદ્ધિ અવિદ્યાને કારણે થઇ જાય છે. હું એમનો છું, અને એ મારાં છે તેવી આત્મીયરૂપથી અથવા તો સમ્બન્ધરૂપથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને આ બુદ્ધિ ભ્રમરૂપા છે. કારણકે વાસ્તવિક રીતે આ સર્વ બ્રહ્મરૂપ હોવાથી તેમાં બ્રહ્મત્વ બુદ્ધિ હોવી જોઇએ. પરન્તુ તે ન થતાં કેવલ રાગદ્વેષાત્મકબુદ્ધિ ઉત્પન્ન થાય છે, તે મિથ્યા છે અને તેનો ઉપયોગ શાસ્ત્રોમાં લખ્યો છે. આ

પતિપુત્રાદિ કોના છે? પતિપુત્રાદિરૂપ બુદ્ધિ એ મોહ છે.'' ઇત્યાદિ વાક્યોમાં પુત્રાદિરૂપ બુદ્ધિ બ્રહ્માત્મકતાનો વિરોધ કરીને ભ્રમ ઉત્પન્ન કરવાવાલી છે, અને તેથી તે અન્યથા અથવા દોષરૂપ છે. હું, મારૂં, ઇત્યાદિથી જે સ્વીકારાય છે તે કુમતિ છે, ઇત્યાદિ વાક્યોમાં નિન્દા પણ સંભલાય છે. આથી સિદ્ધ થાય છે કે ત્યાગ એ અહંતા મમતાત્મક બુદ્ધિનોજ છે નહિ કે પ્રપઞ્ચનો. જો એમ ન હોય તો ''ભગવાન્ ભક્તોને મુક્તિ પ્રદાન કરે છે પરન્તુ કોઇપણ પ્રકારે ભક્તિયોગ પ્રદાન કરતા નથી'' ઇત્યાદિ વાક્યોમાં મુક્તાધિક ભક્તજનને આ જગત્ ભજનોપયોગી હોવાને કારણેજ જગત્નો પરિગ્રહ કરે છે તે કરી શકાશે નહિ.

મુક્તાધિક ભક્તોનું સ્વરૂપ

''ભગવાન્ મુક્તિપ્રદાન કરે છે, નહિ કે ભક્તિયોગ'' આ વાક્યથી એમ જણાય છે કે જેમને ભક્તિયોગ પ્રાપ્ત થયો છે તે મુક્તિથી પણ અધિક છે. કારણ કે પૂર્ણ પુરૂષોત્તમના ચરણોના પરિચરણમાં તેનું અંતઃકરણ હંમેશા તત્પર હોય છે. ભક્તિ એ બ્રહ્મને પ્રાપ્ત કરવા વાલી છે અને પ્રવચનાદિ સાધનોથી અસાધ્ય છે. શ્રુતિમાં પણ કહ્યું છે કે ''**नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन। यमेवैष वृणुते तेनलभ्यः।** એટલે કે આ આત્મા પ્રવચનથી, બુદ્ધિથી કે શાસ્ત્રોથી પ્રાપ્ય નથી કિન્તુ તે જેનું વરણ કરે છે તેનેજ તે મલે છે.'' ભક્તિ સાધન સાધ્ય નથી પરન્તુ મુક્તિ તો તપાદિ સાધનથી સાધ્ય છે. **तपसा ब्रह्म विजिज्ञासस्व।** તપથી બ્રહ્મ જાણવાની ઇચ્છા કર. આ શ્રુતિ વાક્યોની એકવાક્યતા કરવામાં આવે તો એમ સિદ્ધ થઇ જાય છે કે પહેલાં સાધનોથી મુક્તિ પ્રાપ્ત કરીને તીવ્ર વિરહ તાપથી ભગવત્કૃપાદ્વારા વરણનો અધિકાર જેઓને થયો છે તેનું નામ તે ભક્ત. આવા પ્રકારનો ભક્ત તે જ્ઞાની ભક્ત છે. પહેલેથીજ નિઃસાધન થઇને શ્રીપૂર્ણપુરુષોત્તમની સેવામાંજ જેનું અન્તઃકરણ પરાયણ થયું છે અને પરમાધિકાર સમ્પત્તિને જેણે પ્રાપ્ત કરી છે તે પુષ્ટિ ભક્ત છે. **पुष्टिं कायेन निश्चयः।** પુષ્ટિ ભક્તોની સૃષ્ટિ ભગવાને પોતાની કાયાથી ઉત્પન્ન કરી છે. આવું શ્રીમદાચાર્યચરણ જણાવે છે. ''**स वै नैव रेमे तस्मादेकाकी न रमते स द्वितीयमेच्छत् बहुस्यां प्रजायेय।** તે એકલો

રમતો નથી. તેને અનેક થવાથી ઈચ્છા થઈ.'' ઇત્યાદિ શ્રુતિવાક્યોથી એમ જાણાય છે કે ભગવાને પોતાની મેળેજ પોતાની કાયામાંથીજ જે સૃષ્ટિને ઉત્પન્ન કરી છે તે **પુષ્ટિસૃષ્ટિ** છે. કેવલ જ્ઞાની મુક્ત છે અને જ્ઞાનયુક્ત ભક્તિમાન્ મુક્તાધિક ભક્ત છે. ગીતાજીમાં ભગવાન્ કહે છે.

नाहं प्रकाशः सर्वस्य योग मायामावृतः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहितेरताः ॥

હું યોગમાયાથી આવૃત્ત હોવાને લીધે સર્વથી પ્રાપ્ય નથી. જે લોકો સર્વભૂત (પ્રાણી): માત્રનું હિત કરવામાં તત્પર છે તેઓજ મને પ્રાપ્ત કરી શકે છે. ઇત્યાદિ ભગવાનનાં વાક્યોથી પણ જ્ઞાની અને ભક્તનો વિવેક સ્પષ્ટ થાય છે. ''જ્ઞાની થઇને જો ભગવત્સેવા કરે તો તેનાથી અધિક કોઇ નથી.'' આ મુક્તાધિક ભક્તોના વિષયમાં પ્રશંસા વાક્ય પણ પ્રાપ્ત થાય છે અને આ શ્રીમદાચાર્યચરણે તત્ત્વદીપનિબન્ધ અને અણુભાષ્યના આનન્દમયાધિકરણમાં સ્પષ્ટરૂપથી પ્રતિપાદન કર્યું છે. ઉપર્યુક્ત પ્રકારે જો મુક્તાધિક ભક્ત છે તે જ્ઞાનીભક્ત સમજાય છે અને હું એને પુષ્ટિભક્ત કહું છું.

જેને અખણ્ડ અદ્વૈતનું જ્ઞાન થઇ ગયું છે. તે કેવલ જ્ઞાની છે. કેવલ મુક્તાધિક ભક્ત અને કેવલ જ્ઞાનિઓને આ જગત્ ભજનોપયોગી છે. **इदं हि विश्वं भगवानिवेतरः ।** આ (જગત્) ભગવાનનું બીજું રૂપ છે અને તે ક્રીડાર્થને માટેજ સર્જ્યું છે. ''**क्रीडाभाण्डमिदं विश्वम्** । તે ક્રીડાભાણ્ડ છે'' ઇત્યાદિ વાક્યોમાં આ પ્રપઞ્ચ ભગવદ્રૂપ છે એમ પ્રતિપાદન કર્યું છે. અતઃ જગત્ એ ભજનોપયોગી છે એમ શુકાચાર્યે પણ કહેલું છે. જો એમ નહોત તો જગત્ને લીલારૂપ અને ઉપાસ્ય કેવી રીતે કહી શકાય? જો ભગવદ્ભક્તોને લીધે જગત્ નો પરિગ્રહ કહેવાય તો તેને જગત્દ્વારા સત્યજ્ઞાન નહીં થાય, કિન્તુ ભગવદ્ભક્તોની દષ્ટિ બ્રહ્માત્મક થઇ જવાથી જગત્ને પણ બ્રહ્માત્મક દેખે છે. જગત્ને હેય (છોડી દેવા જેવું) કહેવાનું કારણ કેવલ અહંન્તા મમતાને દૂર કરવાનુંજ છે. અહંન્તામમતા દૂર થયે કેવલ બ્રહ્માત્મકજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ પ્રકારે સમ્પૂર્ણ જગત્ બ્રહ્માત્મક છે, તથા તેનો ત્યાગ કરવાનો ઉપદેશ યથાર્થરૂપથી વિવેચ્યો છે.

ઉપાસનાની સાધના

જો સમ્પૂર્ણ જગત્‌ને બ્રહ્માત્મક માની લે તો પછી ઉપનિષદોમાં ઉપાસના વિષયના વાક્યોમાં પ્રપઞ્ચની ઉપાસના કેમ નથી કહી એમ પ્રતિવાદી પૂછે છે. ઉપનિષદ્‌માં તો “તો આત્માને દેખાવો જોઈએ, સાંભળવો જોઈએ, જાણવો જોઈએ અને તે આત્માનું નિદિધ્યાસન (પુનઃ પુનઃ સ્મરણ) કરવું જોઈએ.” ઈત્યાદિ વાક્યોથી આત્માને ઉપાસ્ય કહ્યો છે. પરન્તુ જગત્‌ને ઉપાસ્ય કહ્યું નથી. બ્રહ્મ સર્વરૂપ હોવાથી ઉપાસના પણ સર્વરૂપથી થવી જોઈએ, પરન્તુ સર્વરૂપથી ઉપાસના કરી પણ નથી. સમ્પૂર્ણ વેદવાક્યોમાં “કલા (ભાગ) રહિત, નિષ્ક્રિય (ક્રિયારહિત) શાન્ત, નિર્દોષ અને નિરઞ્જન” બ્રહ્મની ઉપાસનાનો ઉપદેશ છે. પ્રપઞ્ચ રૂપનો નથી. જો પ્રપઞ્ચરૂપથી ઉપાસના હોય તો પ્રથમાધ્યાય દ્વિતીયપાદના પ્રથમાધિકરણમાં જે કહ્યું છે કે “સર્વત્ર વેદાન્તોમાં જે પ્રસિદ્ધ છે તે બ્રહ્મની ઉપાસના કરવી જોઈએ” તેનો પણ વિરોધ આવશે.

આ પૂર્વ પક્ષનું નીચે પ્રમાણે સમાધાન થાય છે.

વેદાન્ત વાક્યોમાં જે બ્રહ્મની પ્રપઞ્ચથી ભિન્નરૂપમાં ઉપાસના કરવાની કહી છે તે અજ્ઞાની પુરુષોના ચિત્તની શુદ્ધિને અર્થે છે, જ્ઞાનવાન્ માટે નથી. કારણકે વાસ્તવિકરૂપે બ્રહ્મ પ્રપઞ્ચથી ભિન્ન નથી થઈ શકતું. પ્રારમ્ભિક અવસ્થામાં સર્વાધિક જ્ઞાનના અભાવમાં એવો ઉપદેશ છે. વસ્તુતઃ પ્રપઞ્ચને અને ઉપાસ્યરૂપ ભિન્ન ભિન્ન નથી કિન્તુ એકજ છે. બાલાષુ શાસ્ત્રાર્થે તેવો ઉપદેશ હોવાથી ઉપર્યુક્ત **द्रष्टव्यः श्रोतव्यः** ઈત્યાદિ વાક્યોનો નિર્વાહ થઈ જાય છે. તેથીજ કહ્યું છે કે જ્યાં સુધી તે પરબ્રહ્મ શ્રીકૃષ્ણની પ્રતિ ભક્તિયોગ થયો નથી ત્યાં સુધી તે વિરાટરૂપધારી ભગવાનનું સ્મરણ અને ઉપાસન કરવું. આ વાક્યમાં ઉપાસ્યરૂપનું વર્ણન છે. કેવલ બ્રહ્મજ્ઞાનીઓનીજ સર્વત્ર પ્રપઞ્ચમાં બ્રહ્મની સ્ફૂર્તિ થાય છે. અનન્તર અધિકારને અનુસરીને ફલની પ્રાપ્તિ થાય છે. જેનો અધિકાર સિદ્ધ થયા છે તેને ભક્તિથી અતિરિક્ત ઉપાસનાનો અવસર નથી અતઃ એવું કહ્યું છે કે “આ સર્વ જગત્ વાસુદેવમય છે (**इदं सर्वं वासुदेव**) એવું જાણવાવાલો મહાત્મા દુર્લભ છે.”

જીવ બ્રહ્મનો અભેદ.

જીવ અંશરૂપથી ભગવદ્રૂપ છે, અંશીથી નહિ. જીવ એ ભગવાન્નો અંશ છે, અને એમાં ઘણાં પ્રમાણો છે. વ્યાસસૂત્રના દ્વિતીયાધ્યાયના તૃતીયપાદના સોલમા અધિકરણમાં કહ્યું છે આ સર્વ ઉત્પન્ન થાય છે, જીવ અનેક છે, જીવ અનેક હોવાને કારણે તથા તે બ્રહ્મથી અગ્નિના તણખાની માફક જુદા પડેલા હોવાથી અંશ છે. ભગવાન્ ગીતાજીમાં કહે છે કે **ममैवांशो जीवलोके** આ જીવ એ મારો અંશ છે. ભગવદિચ્છાથી જીવમાં આનન્દાંશનો તિરોભાવ થવાથી અથવા ભગવાનમાં રહેવા વાલા ઐશ્વર્યાદિ ષટ્ ગુણોનો તિરોભાવ થવાથી તે જીવ સંજ્ઞાથી ઓળખાય છે. તે જીવને પોતાની પૂર્વાવસ્થા પ્રાપ્ત કરવા માટે ભજનની આવશ્યકતા છે. વ્યાસસૂત્રના તૃતીયાધ્યાય દ્વિતીય પાદના ૨૫ મા સૂત્રમાં કહ્યું છે કે **पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्ध विपर्ययौ।** ભગવાનની ઈચ્છાથી જીવના ઐશ્વર્યાદિ છ ગુણો તિરોહિત થઈ જવાથી જીવને બંધ અને વિપર્યય (અન્યથા જ્ઞાન) પ્રાપ્ત થયા. ઐશ્વર્ય ના તિરોભાવથી દીનત્વ અથવા પરાધીનત્વ મલ્યું ને વીર્યના તિરોભાવથી સર્વદુઃખ સહન કરવું પડે છે. યશનો તિરોભાવ થવાથી દીનતા, શ્રીના તિરોભાવથી જન્માદિ સર્વ આપત્તિઓને ભોગવવી પડે છે, જ્ઞાનનાં તિરોભાવથી દેહમાં અહં બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તથા સર્વ પદાથોમાં વિપરીત જ્ઞાન ઉત્પન્ન થાય છે અને વૈરાગ્યના તિરોભાવથી વિષયોમાં આસક્તિ થાય છે. પહેલાં ચારથી બન્ધ થાય છે અને છેલ્લા બેથી વિપર્યય (ઉલટું જ્ઞાન) થાય છે. આથી કરી જીવ એ ભજનથી વિમુખ થાય છે. "આ આત્મા બલહીનથી પ્રાપ્ય નથી" આ શ્રુતિ અનુસાર પૂર્વાવસ્થા છે ઐશ્વર્યાદિભાવ સમ્પત્તિ-ને પ્રાપ્ત કરવા સારૂ ભજનની આવશ્યકતા છે. આ પ્રકારે અવિદ્યા રૂપી દોષની નિવૃત્તિને કારણે ભજનાદિની આવશ્યકતા છે. કારણકે ભગવાન્નો વિચ્છેદ કરાવવાવાલી આ અવિદ્યા છે.

પરન્તુ જ્યાં ભજનાદિ દ્વારા જીવ ભગવદ્રૂપતા પ્રાપ્ત કરશે અથવા ઐશ્વર્યાદિ સમ્પત્તિને પ્રાપ્ત કરશે એટલે તેને ભજનાદિની આવશ્યકતા નહિ રહે, અને તે સમયે તેને સંવાદિ સર્વ કાર્ય છોડી દેવું પડશે. આ સમયે ભજનાદિની અસિદ્ધિ થશે એ શંકા અસ્થાને છે. કારણકે જીવ અને ઈશ્વર વચ્ચેનું તારતમ્ય ભગવત્કૃત છે. "સ્વરૂપથી, અવતારથી, ચિહ્નથી તથા

ગુણથી જીવ દેહ અથવા ક્રિયામાં જે તારતમ્ય જાણી બેસે તે વાસ્તવિક તારતમ્ય નથી પરંતુ ભગવત્કૃત છે. વસ્તુતઃ ભક્તને ભગવાનનૂના ગુણોમાં સમાનતા હોય છે. ભક્તોમાં ભગવાનૂની સાથે નૃત્યાદિ સામર્થ્ય છે. એ તો સ્પષ્ટ છે. "બ્રહ્મ હોઈને બ્રહ્મને પ્રાપ્ત કરે છે." એ શ્રુતિ વાક્ય પણ ભક્ત અને ભગવાનૂની સત્યતા પ્રતિપદે છે. ભક્તોની ભગવાનૂની સાથે સમાનતા હોવા છતાં ભગવત્કૃત તારતમ્ય વિદ્યમાન છે. કારણકે ઉત્કર્ષ અને અપકર્ષ વિના ખેલ ક્રીડા રમણ સિદ્ધ થતું નથી. આથીજ બાલલીલાદિનું વિચિત્ર વાર્ગન શાસ્ત્રોમાં મલે છે.

ભક્ત અને ભગવાનૂનો સમ્બન્ધ-તારતમ્ય લેવાથી ભજનની આવશ્યકતા પણ સિદ્ધ થઈ જાય છે. ફલતઃ પુષ્ટિ, પુષ્ટિ, પુષ્ટિ મર્યાદા આ ત્રાણે અધિકારમાં યથાર્થાધિકાર સિદ્ધ હોતાં અલૌકિક સામર્થ્ય, પુરુષોત્તમ સાયુજ્ય, વૈકુણ્ઠાદિમાં સેવોપયોગી દેહ, આ ત્રાણે પ્રકારના જે ફલ શ્રીમદાચાર્યચરણે સેવા ફલમાં વાર્ણવ્યા છે તે અધિકારાનુસાર પ્રાપ્ત થાય છે એમ શ્રુતિઓનું તાત્પર્ય છે.

પુષ્ટિ ભક્તિ માર્ગ અને ભજન.

શંકાઃ - જે પુષ્ટિમાર્ગમાં ભજનનું પર્યસાન કહ્યું છે તેમાં અવિદ્યાદિ નિવારણીય દોષ નથી તો પછી ભજનની આવશ્યકતા શી છે? પુષ્ટિમાર્ગ શબ્દનો અર્થ ભગવાનના અનુગ્રહ (કૃપા) નો માર્ગ એમ થાય છે. અને એમાં અવિદ્યાથી ઉત્પન્ન ધનારા કામ, ક્રોધાદિ દોષોના સ્વભાવથીજ અભાવ છે. અને આપ તો કહો છો કે અવિદ્યાને દૂર કરવાને વાસ્તે ભજનની આવશ્યકતા છે, તો જ્યાં દોષજ નથી ત્યાં તેને નિવારણ કરવાનો પ્રયત્ન પણ વ્યર્થજ થાય છે. વળી ભગવદ્ગીતામાં કહ્યું છે કે "મારી ભક્તિ કરવા વાલો અને મારામાં ચિત્ત રાખવા વાલો જે ભક્ત છે તેને જ્ઞાન કે વૈરાગ્ય શ્રેયસ્કર (ભલું કરનારા) નીકળતા નથી. વળી જો અત્યન્ત દુરાચારી પણ મારૂં જો અનન્ય ભાવથી ભજન કરતો હોય તો તેને પણ સાધુ માનવો" ઈત્યાદિ વાક્યોથી તથા અજામિલાદિના ઉદાહરણથી એમ જણાય છે કે ભક્તોમાં અવિદ્યાથી ઉત્પન્ન થનારા દોષોનો સર્વથા અભાવજ રહે છે અથવા તે દોષો ભગવદિચ્છાથી દૂર થઈ જાય છે અથવા તો કોઈપણ પ્રકારે તે બાધરુપ એમ

નીવડતા નથી. આથી સિદ્ધ થાય છે કે ભક્તોનું શ્રેય ભગવદિચ્છા પરજ રહેલું હોવાથી તે આકસ્મિક છે અને આકસ્મિક શ્રેય ને લીધે ભજનની આવશ્યકતા નથી. અર્થાત્ ભજન અનુપમત્તી છે.

સમાધાન :- જો કે ઉપર પ્રમાણે વિચાર કરવાથી ભજનની અનાવશ્યકતા સિદ્ધ થાય છે, તો પણ ભક્તોમાં એવો દોષ નથી હોતો કે જેના નિવારણ માટે ભજનની જરૂર પડે અથવા ભક્તોનો દોષ ભગવદિચ્છાથી નિવૃત્ત થઇ જવાથી તેમાં દોષ વિદ્યમાન નથી એમ માનવું પડે છે, તોપણ ભક્ત (જીવ) ભગવાન્‌ની ઈચ્છાનુસાર ભગવાન્‌થી વિખુટો પડ્યો છે તેને ફરીથી ભગવત્સમ્બન્ધ કરવા ફલાનુભવ કરવાને માટે ભજનની જરૂરીઆત છે. લીલા-ક્રીડા-ને અર્થે જ જીવ ભગવાન્‌થી વિખુટો પડ્યો છે એમ તો પહેલેથીજ બતાવ્યું છે. અત એવ પુનઃ સ્વ સ્વરુપને પ્રાપ્ત કરવા માટે ભજનની પૂર્ણ આવશ્યકતા છે.

હવે અહિં ફરીથી એમ શંકા થાય છે કે નિવૃત્તિને લીધે ભજનની આવશ્યકતા છે એમ પહેલાં જણાવ્યું છે. અને ઉપર્યુક્ત સમાધાનથી તો તે સ્પષ્ટ થાય છે, કે તેમાં અવિદ્યાદિ દોષો નથી. આથી અવિદ્યાના અભાવમાં ભજન અનુપયુક્ત થશે. નહીં, ભજન અનુપયુક્ત નથી, ભગવાન્‌થી વિયુક્ત થવાથી જીવની સંજ્ઞા પ્રાપ્ત થાય છે અને સાથે અવિદ્યાએ જન્મ દોષને કારણે અને આ કારણથી જીવને પુનઃ પોતાના સ્વરુપને જાણવા માટે તથા ફલાનુભવને માટે ભજન અવશ્ય ઉપયોગી છે.

જો અહિં એવી શંકા થાય છે કે રાસલીલાદિમાં કામાદિની આવશ્યકતા હોવાથી તેની નિવૃત્તિ આવશ્યક નથી, તો આ શંકા પણ અપ્રાસઙ્ગિક થશે. કારણકે રાસલીલામાં કામાદિની આવશ્યકતા નથી, કિન્તુ રાસલીલા અને એમાં પ્રયુક્ત પદાર્થો એ સર્વ અલૌકિક છે, અને તેથી કામાદિ પણ અલૌકિક છે. (લૌકિક કામ સાધક નથી પરંતુ બાધક છે.) આથી લૌકિક કામાદિની નિવૃત્તિ જરૂરની છે.

રાસલીલામાં ભગવાન્ "શ્રી, પુષ્ટિ, વાણી, કાન્તિ, કીર્તિ, તુષ્ટિ, ઈલા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા તથા માયા શક્તિથી સેવિત છે." ઈત્યાદિ વાક્યોથી

પ્રતીત થાય છે કે અવિદ્યા રાસલીલામાં પણ વિદ્યમાન હોઈને તેનો સ્વભાવજ બન્ધન છે, તો અહિં પણ બન્ધન ઉપસ્થિત કરશે નહિ. રાસલીલામાં અવિદ્યા પણ અલૌકિક હોવાથી તથા "ભગવાન્‌ની સમીપ માયા શક્તિ પણ લજ્જા યુક્ત થઈ જાય છે" એ વાક્યને અનુસાર જ્યાં માયા શક્તિ સ્વયં લજ્જિત રહે છે ત્યાં અવિદ્યા પણ લજ્જાયુક્ત થઈને તેનો પ્રભાવ છોડી દે છે, તથા રાસલીલામાં બાધ ઉપસ્થિત ન કરતાં અનુકૂલ રહે છે. "ભગવાને શરદ્ ઋતુમાં મલ્લિકાના પુષ્પ ખીલેલી રાત્રિ જોઈને યોગમાયાનો આશ્રય લઈને ક્રીડા કરવાની ઈચ્છા કરી" આ ભગવતોક્ત વાક્યમાં પણ સ્પષ્ટ પ્રતીત થઈ જાય છે કે યોગમાયા ભગવાન્‌ની ઈચ્છાને અનુકૂલ રહે છે. તો પછી અવિદ્યા ભગવાન્‌ની ઈચ્છાને અનુકૂલ રહે એમાં લેશ માત્ર પણ શંકાને સ્થાન નથી.

અતઃ એવ લૌકિક સ્વભાવયુક્ત અવિદ્યાની નિવૃત્તિ ઉચિત જ છે. તેની નિવૃત્તિ નહિ થાય તો ફલાનુભવની સિદ્ધિ પણ નહિ થાય, આથી અવિદ્યાની નિવૃત્તિ આવશ્યક છે, અને તદર્થ ભજન પણ આવશ્યક હોઈને ભજનની ઉપપત્તિ યુક્ત છે.

સાધ્ય સાધન ભેદ

ભજન સાધન છે અને ફલ સાધ્ય છે એવું જો માનવામાં આવે તો પહેલાં પહેલાં "પુષ્ટિમાર્ગ" શબ્દની વ્યુત્પત્તિ કહી છે તે સાર્થક થશે નહિ. કારણકે પુષ્ટિ - ભગવાન્‌ના અનુગ્રહનો જે માર્ગ તે પુષ્ટિમાર્ગ છે તેવો અર્થ પહેલાં કર્યો તે, તેમાં ભગવાન્‌નો અનુગ્રહ સાધનસાધ્ય નથી પરંતુ ભગવદીચ્છાથી સાધ્ય છે. સેવકની તરક્કી (?) રાજાની ઈચ્છા સમ્પાદન કરવી હોઈ શકે છે. આથી માનવું પડે છે કે સાધન વિના ફલ પ્રાપ્તિ થાય છે અર્થાત્ સાધન અને ફલ એક છે તે જ પુષ્ટિમાર્ગ છે, કર્મ, જ્ઞાન, ઉપાસનાની ભાંતિ, ભજન પણ સાધનરૂપ હોવાથી તેના દ્વારા પુષ્ટિમાર્ગ સાધ્ય નહિં થાય, આથી ભજનની ઉપપત્તિ પુષ્ટિમાર્ગમાં નથી.

આવું કહેવું અનુચિત છે, કારણકે ભજન ભાવરૂપ છે "ભજન" ભક્તિ શબ્દથી વાચ્ય ક્રિયા રૂપ છે. "પ્રકૃતિ (મૂલ ધાતુ) અને પ્રત્યય મલીને અર્થને

બતલાવે છે, તેમાં પ્રત્યયની પ્રધાનતા છે એવો નિયમ હોવાથી અહિં ધાતુથી 'કિતન્' પ્રત્યય કરવાથી ભજન ક્રિયાનો અર્થ જ્ઞાન થાય છે. આ ભજન ક્રિયા સેવારૂપ છે. સેવા પદ નિરન્તર અર્થ પૂર્વક કાયિક વ્યાપાર વિશેષ પરિચર્યાના અર્થમાં પ્રસિદ્ધ છે. 'સ્ત્રી સેવા' 'ઔષધ સેવા' ઇત્યાદિ શબ્દોનો પ્રયોગ પણ જણાય છે. અર્થાત્ સેવા શબ્દથી 'નિરન્તર પરિચર્યા' એવો અર્થ થાય છે. "**मत्सेवया प्रतीतं च सायुज्यादि चतुष्टयम्। दीयमानं न गृण्हन्ति विना मत्सेवनं जनाः**"॥ મારી સેવા પ્રાપ્ત કરવાવાલા સાયુજ્યાદિ (સાયુજ્ય, સામીપ્ય, સૃષ્ટિ, સાલોક્ય) ચાર પ્રકારના મોક્ષની પણ મારા ભક્તો ઇચ્છા કરતા નથી." ઇત્યાદિ સ્વતન્ત્ર સેવા બોધક વાક્યોથી પણ ઉપર્યુક્ત અર્થ સિદ્ધ થાય છે. જલતાડનાદિ ક્રિયાની માફક કેવલ ક્રિયા નિષ્ફળ છે. અત એવ ભક્તિ શબ્દથી પણ પ્રેમપૂર્વક સેવારૂપ ભજન ક્રિયા જ અર્થ થાય છે. સચ્ચારિત્રવાલી સ્ત્રીઓ જેવી રીતે પોતાના પતિને પ્રેમથી વશ કરી લે છે, તેવીજ રીતે ભક્તો મને પણ વશ કરી લે છે. "**वशीकुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा**"। આ વાક્યથી પણ દમ્પતીના દૃષ્ટાન્તથી ભજનક્રિયા પ્રેમપૂર્વક થવી જોઇએ એવું સિદ્ધ થાય છે. જો ભજન સેવા-પ્રેમપૂર્વક ન થાય તો કેવલ કાયાને કષ્ટ પહોચાડવા વાલી સેવા પુરુષાર્થરૂપ નહિ થઇ શકે. અત એવ ભજન ક્રિયામાં પ્રેમ જ અપેક્ષિત છે તે પ્રત્યયાર્થ છે. અતઃ ભજન પ્રધાનપણે પ્રેમરૂપ હોવાથી ભાવરૂપ છે. આ પ્રકારે વ્યાકરણ શાસ્ત્રની રૂઢીને અનુસરીને ભજનની ભાવરૂપતા છે. આ ભાવ મનનો ધર્મ છે. "**सा परानुरक्तिरीश्वरे**" ઇશ્વરમાં જે અનુરક્તિ થાય છે. તે પરાભક્તિ છે" શાંડિલ્ય મહર્ષિના આ સૂત્રથી પણ એમ સિદ્ધ થાય છે કે અનુરક્તિ ભાવ વિશેષ છે અથવા અનુરક્તિ શબ્દ વાચ્ય પદથી ભાવરૂપતા અભિવ્યક્ત (સ્પષ્ટ) થાય છે. આટલા માટે ભક્તિ સાધનરૂપ છે. અને સાથે સાથે તે ફલ રૂપ ભાવ (સાધન)થી અતિરિક્ત બીજું કાંઇ ફલ નથી. "નિષ્કામ ભક્તિ સિદ્ધિથી પણ શ્રેષ્ઠ છે." ઇત્યાદિ વાક્યોથી નિષ્કામ અર્થાત્ ભાવરૂપ ભક્તિ સાધન તથા ફલ રૂપ છે એમ સિદ્ધ થાય છે. તે ભાવ-પ્રેમ, ભક્તિરસ-શૃઙ્ગાર રસના સ્થાયી ભાવનો રૂપાન્તર છે. ભાવનું લક્ષણ "રસને અનુકૂલ વિકાર" એ બતાવ્યું છે. આ પ્રેમ અન્તિમ સમય સુધી રહે તો તેને સ્થાયી ભાવ કહે છે. અત એવ તે અપુષ્ટ અને પુષ્ટ, તથા સાધન અને ફલ રૂપ કહેવાય છે તે ઉચિત

છે. એવી રસશાસ્ત્રની મર્યાદા છે. "**स्थायीभावो रसः स्मृतः**" સ્થાયી ભાવ રસ છે. આથી અપુષ્ટ અને પુષ્ટ, અથવા સાધન અને સાધ્ય બન્ને દશામાં રસત્વની ક્ષતિ નથી. જેવી રીતે પૂર્વાવસ્થામાં અંકુરિત વૃક્ષ પ્રૌઢ દશામાં પણ વૃક્ષ જ રહે છે તેવી રીતે પૂર્વાવસ્થામાં ભાવરુપ થઈને પ્રૌઢાવસ્થામાં પણ રસ રૂપતા પ્રાપ્ત કરે છે. આ અર્થ ગ્રહણ કરીને શ્રીહરિરાયજી કહે છે કે ભજનને સાધનરૂપ માની લે તો પણ ક્ષતિ નથી. ભજન ફલરૂપ હોવા છતાં પણ તેને સાધન માનવાથી તેની ફલરૂપતામાં પણ કંઈપણ પ્રકારની ક્ષતિ નથી.

આ પ્રકારે વિચાર કરવાથી જાણાય છે કે ફલ રસરૂપ છે. તે પૂર્વાવસ્થામાં રસ ભાવરૂપ હોઈને સ્વકાર્યને સિદ્ધ કરે છે. તેની બે અવસ્થા છે. વાસ્તવિકરૂપથી પ્રેમની ત્રણ અવસ્થા છે. પ્રેમ, આસક્તિ અને વ્યસન. "ભક્તિથી પ્રેમ, આસક્તિ અને વ્યસન જ્યારે થાય તે ત્યારે તેના શાસ્ત્રમાં દઢ બીજ કહેવાય છે, અને તે કદાપિ નષ્ટ થતું નથી" આ પ્રકારે ભજનને સાધનરૂપ માનવામાં ક્ષતિ થતી નથી એવું આચાર્ય ચરણનું વાક્ય છે. આપશ્રીની આજ્ઞા છે કે જ્યાં પુષ્ટિમાર્ગ છે ત્યાં ફલ સ્વયં સાધન થઈ જાય છે.

જો કે સાધન અને ફલ અભિન્ન છે, તથાપિ અત્યન્ત અલભ્ય હોવાને કારણે સર્વજન સાધારણ નથી, તે તો કેવલ નિઃસાધનતાથી ભગવત્પ્રસાદ પ્રાપ્ત કરવાથી જ પ્રાપ્ય છે. "ભગવાન્ શ્રીનિકેતન પ્રસન્ન થયે શું અલભ્ય છે?"

આ વચનથી જ્ઞાન થાય છે કે જે પદાર્થ અનેક કઠિનતર સાધનોથી અપ્રાપ્ય છે તે નિઃસાધનતાથી કેવલ ભગવત્પ્રસાદ પ્રાપ્ત કરવાથી પ્રાપ્ત થાય છે. આ પ્રકારે ભગવાન્ સ્વયં કૃપા કરીને ફળદાન કરે છે. ભાવરૂપ તથા રસરૂપ ભગવાન્ પોતેજ છે. એવો સિદ્ધાન્ત છે. શ્રુતિ કહે છે કે "**रसो वै सः**" તે રસરૂપ છે. "સ્થાયી ભાવને રસ કહે છે" આ ન્યાયથી પણ સિદ્ધ થાય છે કે ભગવાન્ સ્વયં ભાવરૂપ તથા ફલરૂપ હોવાથી સાધનરૂપતા અને ફલરૂપતા તે તેનો ધર્મ છે. આ આશયથી શ્રીમદાચાર્યચરણ કહે છે કે "ભગવાન જ ફલ છે." અર્થાત્ સ્વરૂપબલથી પોતેજ પ્રમાણરૂપ છે. તદનુસાર શ્રીહરિરાયજી પણ કહે છે કે સ્વયં ફલરૂપ છે તેવું જે કહ્યું છે તે

યુક્ત જ છે, કારણકે આપના સ્વરૂપબલથી જે પ્રમાણરૂપ છે તે પુષ્ટિ છે. જ્ઞાન ફલ જનક છે આ ભાષ્યનું વચન પણ સંગત થાય છે. આ પ્રમાણેથી સિદ્ધ થાય છે જેમાં સાધનની અપેક્ષા નહિ હોવા છતાં પણ ફલ સાધનથી ભિન્ન નથી તે પુષ્ટિ એવી લક્ષણ યુક્તિ યુક્ત છે. શમ દમાદિ સાધનોની વ્યાકૃત્તિને માટે "સાધનોની અપેક્ષા ન હોવા છતા" એમ કહ્યું છે. અહિં શ્રવણાદિ નવ વિધ ભક્તિ સાધન છે, એવી શઙ્કા સુબોધિનીજીમાં વારંવાર સ્પષ્ટપણે બતાવી છે. "પુષ્ટિમાર્ગ એ માર્ગ છે કે જ્યાં ફલ સ્વયં સાધન બની જાય છે" આ સિદ્ધાન્તને લીલાના દષ્ટાન્તથી શ્રીહરિરાયજીને સમર્થન કરે છે એ કહે છે કે પહેલાં પ્રકટ થઇને સંયોગનો અનુભવ કરાવીને પશ્ચાત્ વિરહનો અનુભવ કરવાને વાસ્તે ભગવાનૂનું મથુરાગમન રૂપ ત્યાગ શ્રીભાગવતાદિ ગ્રન્થોમાં કહ્યું છે.

શું જીવ અંશ હોવાથી ભજનમાં અનુપપત્તિ છે?

શંઙ્કા-જીવ અંશરૂપ છે, તથા તે બ્રહ્મસ્વરૂપ હોવાને લીધે બ્રહ્મથી અન્યૂન છે, અતઃ જીવ અને બ્રહ્મનો સેવ્ય સેવક ભાવની સમ્ભાવના નથી આ કારણથી ભજનની ઉપપત્તિ નથી.

સમાધાન :- 'હું એક છું તે અનેક થાઉં' આ તૈત્તરીયોપનિષદ્‌ના વાક્યથી એમ જાણાય છે કે ક્રીડાને અર્થે તે જીવરૂપથી આવિર્ભાવ પામ્યો છે. અર્થાત્ જીવમાં ન્યૂનત્વ છે. જીવમાં ન્યૂનત્વ હોવાથી સેવ્ય સેવક ભાવ સિદ્ધ થાય છે, અત ભજનમાં કોઈપણ પ્રકારની અનુપપત્તિ નથી.

પુનઃ શંકા થાય કે :- સૃષ્ટિ કાલમાં ઉચ્ચનીચ ભાવથી પ્રાદુર્ભૂત થવાની ઈચ્છા થવી તે સમ્ભવિત છે, પરંતુ મુક્તિ દશામાં તેવું બની શકતું નથી, આથી ન્યૂનત્વ અવાસ્તવિક હોવાથી મુક્તિ દશામાં અને જીવન્મુક્ત દશામાં અંશરૂપ જીવોની બ્રહ્મની સાથે સમાનતા રહે છે. જો એમ ન હોય તો લય સમયે સેવ્ય સેવક ભાવનો અવકાશ ન હોવાથી ભજનની અનુપપત્તિ પૂર્વની માફકજ રહે છે.

તો સમાધાન કરે છે :- જીવનો પ્રાદુર્ભાવ ન્યૂનત્વ વિશિષ્ટ જ થયો છે.

આથી ભજનની ઉપપત્તિ છે. અર્થાત્-પ્રાદુર્ભાવ-પ્રથમથી લઇને અવધિ પર્યન્ત પુષ્ટિ સૃષ્ટિના રૂપમાંજ છે, અને તે ભગવાન્‌ને વિવક્ષિત છે. શ્રુતિ કહે છે કે "જેને આ લોકથી ઉપર લઇ જવાની ઇચ્છા થાય છે તેમની પાસે સારાં કર્મો કરાવે છે, અને જેને નીચે લઇ જવાની ઇચ્છા થાય છે તેમની પાસે અસત્ કર્મો કરાવે છે." જો આ પ્રકારે ન માને તો ભક્તિ માર્ગનો ઉચ્છેદ થઇ જાય. અને ભકિત માર્ગનો ઉચ્છેદ હોવાથી ભગવદ્વાક્યોનો પણ વ્યાકોપ થશે.

આ પ્રકારે જીવનું ન્યૂનત્વ જો વાસ્તવિક છે તો તે ન્યૂનત્વમાં વસ્તુસ્વભાવજ કારણ થશે નહિ કે બ્રહ્મની ઇચ્છા. આ શઙ્કા મનમાં રાખીને શ્રીહરિરાયજી પોતે જ શઙ્કા કરીને તેનું સમાધાન કરે છે કે આવિર્ભાવમાં ભગવાન્‌ની ઇચ્છા કારણ છે, કિન્તુ વસ્તુની અન્યથાકૃતિમાં તે ઇચ્છા કારણ નથી. જીવોનું ન્યૂનત્વ વસ્તુસ્વભાવસિદ્ધ હોવાથી તેનું કારણ ભગવદિચ્છાજ છે, કારણકે વસ્તુસ્વભાવ એ ભગવદિચ્છાથીજ થયો છે અને તે ભગવાન્‌ને આધીન છે. કિન્તુ વસ્તુઓની અન્યતા કૃતિમાં ભગવદિચ્છા કારણ નથી. કારણકે વસ્તુઓની અન્યથા કૃતિનું પ્રયોજનજ નથી. અને આથીજ ઇચ્છાનું અસ્તિત્વ નથી.

સ્વરૂપની અન્યથા કૃતિમાં ભગવદિચ્છા કારણરૂપ ન હોવાથી યુક્તિ, કાલમાં પણ જીવ, "ભગવાન્‌ના કણ્ઠમાં જે નિર્મલ મણિ (કૌસ્તુભ) છે તે જીવનું તત્ત્વ છે" આ વાક્યાનુસાર સ્થિત છે. મુક્ત જીવોની સ્થિતિના આભૂષણરૂપ હોવાથી ન્યૂનતા યૂક્ત છે, તો પછી અન્ય જીવોની સ્થિતિ ન્યૂનતા યુક્ત છે તેમાં આશ્ચર્ય શું? આ કૈમુતિક ન્યાયથી સિદ્ધ થાય છે કે જીવ ભગવદ્રૂપ હોવાથી અંશરૂપ છે, અતઃ ન્યૂનતા વાસ્તવિક છે. ન્યૂનતા વાસ્તવિક હોવાથી જીવરૂપ અસંખ્ય અંશ અગ્નિથી વિસ્ફુલિઙ્ગ (ચિનગારીઓ) ની માફક બહાર નીકળવાથી ભગવાન્‌માં ન્યૂનતા નથી. એક હાથમાં જે વસ્તુ છે તે બીજા હાથમાં લેવાથી જેવી રીતે કોઇપણ પ્રકારની ક્ષતિ થતી નથી તેવીજ રીતે ભગવાન્ સ્વયં સદ્રૂપ પ્રપંચમાં સ્થિત હોવાથી ભગવાન્‌માં ન્યૂનતા હોવાની સમ્ભાવના લેશ માત્ર પણ નથી.

અંશરૂપ જીવોના દૈવ અને આસુર સંજ્ઞાથી વિભાગ પણ ભગવદિચ્છા હોવાથી ફલાવસ્થામાં પણ જીવોની ન્યૂનતા રહેવાથી ભજનની પણ સાર્થકતા થાય છે. અન્યથા સ્વતંત્રભક્તિમાર્ગનો ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. આથી જીવોમાં સ્વાભાવિક ન્યૂનત્વ અને બ્રહ્મમાં અધિકત્વ છે એમ સિદ્ધ થાય છે.

દૈવાસુર વિભાગ અથવા ન્યૂનાધિક્ય.

જીવરૂપ અંશમાં દૈવી અને આસુરી એવા બે વિભાગ છે, એટલું જ નહિ પરંતુ તેમાં ન્યૂનાધિક્ય ભાવ પણ કહ્યો છે. કિન્તુ સર્વનો અંશરૂપથી સ્વીકાર કરી લેવાથી સર્વ સમાન રૂપથી અંશ થાય તેમાં ન્યૂનાધિકયની સમ્ભાવના કેવી રીતે થઈ શકે?

તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ સ્વયં કારણ રૂપથી અભેદ પૂર્વક પ્રપઞ્ચાત્મક પોતે પોતાને પ્રકટ કરે છે. આ ધર્મી સ્વરૂપતા ત્રણ ધર્મ અક્ષર બ્રહ્મરૂપ છે, તેના ચિદંશથી ભગવાને ક્રીડાને માટે આપની ઈચ્છાથી જીવ ઉત્પન્ન કર્યો છે.

જો આ પૃથકકરણમાં વિચિત્રતા ન હોય તો રમણ સમ્પન્ન થઈ શકે નહિ. આથી વિચિત્રતાને સારૂ પૃથક્કરણ કરવામાં આવ્યું છે તેમ સિદ્ધ થાય છે. વિચિત્રતા એજ ન્યૂનાધિક ભાવ. આ વિચિત્રતાને લીધે જડ, જીવ, અને અન્તર્યામી એક એક અંશના તારતમ્યથી છે, અન્તર્યામી સત્ ચિત્ત્ અને આનન્દાંશથી યુક્ત છે, જીવમાં એક આનન્દાંશ નથી અને જડમાં ચિત્ અને આનન્દ એ બન્ને અંશોનો તિરોભાવ છે. જીવમાં સત્ અને ચિત્ ધર્મ સ્પષ્ટ છે. જડમાં કેવલ સત્ સ્પષ્ટ છે, અને બાકીના બે તિરોહિત છે. આ પ્રકારે એક એકથી અધિક અંશ તિરોહિત થવામાં ભગવાન્ની ઈચ્છાજ કારણરૂપ છે. ભગવાન્ની ઈચ્છાજ કારણરૂપ હોવાથી "તિરોભાવ સ્વતન્ત્રતાથી થાય છે" એ શઙ્કાને પણ નિરાસ થઈ જાય છે.

આ પ્રકારે ઈચ્છાજ કારણરૂપ હોવાથી ભગવાનના રમણાર્થે સ્વરૂપનું પૃથક્કરણ થયું છે એમ સિદ્ધ થાય છે.

અહિં શંકા થાય છે આ પ્રકારે પૃથક્કરણ થવાથી ક્રીડામાં ભગવાન્નું

ભોક્તૃત્વ રહેશે નહિ. આનો ઉત્તર શ્રીમદ્‌હરિરાય ચરણ આપે છે ભગવાન્ સ્વયં મુલરૂપ હોવાથી બન્ધ અને મોક્ષથી અર્થાત્ અવિદ્યા અને વિદ્યા શક્તિની દ્વારા રમણ કરવાથી ભગવાન્‌ને જીવ તુલ્યતા (સમાનતા) પ્રાપ્ત થાય છે. પછી એવી શંકા યોગ્ય નથી. કારણકે બદ્ધ અને મુક્તથી ભિન્ન ભગવાન છે. અને અંશી હોવાથી અંશથી ભેદ પણ છે. જીવને અવિદ્યાના પ્રભાવથી બન્ધ દશામાં તથા વિદ્યાના પ્રભાવમાંથી મુક્ત રહેવા પછી પણ સ્વયં તે સ્થિતિથી ભિન્ન છે. શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે કે બદ્ધ અને મુક્ત એવી મારી વ્યાખ્યા ગુણોથી યુક્ત હોવાને કારણે કહેવાય છે, પણ વસ્તુતઃ હું એવો નથી. ગુણનું મૂલ માયા હોવાથી મને બન્ધન નથી કે નથી મોક્ષ. આ પ્રકારે જીવને બન્ધ અને મોક્ષથી રમણની ઉપપત્તિ થાય છે. લીલાના સાધન, પ્રપઞ્ચ અને લીલા નિત્ય છે, અતઃ બન્ધ અને મોક્ષ પણ નિત્ય છે, એમ અવશ્ય માનવું પડશે. પ્રપંચનું નિત્યત્વ ભગવદ્‌રૂપતાના નિરૂપણની સાથે આ ગ્રન્થમાં પહેલાં નિરૂપણ કરી દીધું છે.

વિષ્ણુ પુરાણમાં કહ્યું છે કે આવિર્ભાવ, તિરોભાવ, જન્મ, નાશરૂપી વિકલ્પથી યુક્ત આ સમ્પૂર્ણ જગત્ ક્ષયરહિત અને નિત્ય છે. આ પ્રકારનાં અનેક વાક્ય પ્રપંચ (જગત)ની નિત્યતાનું પ્રતિ પાદન કરે છે. અણુભાષ્ય, નિબન્ધ, વિદ્વન્મણ્ડન, આદિ ગ્રન્થોમાં આનુ સવિસ્તર વર્ણન કર્યું છે. વિશેષ જીજ્ઞાસુઓએ ત્યાં જોઇ લેવું.

લીલાની નિત્યતા.

જો પ્રપઞ્ચને નિત્ય માનો છો તો લીલાને નિત્ય માની લો તો તેમાં આશ્ચર્ય શું? આ કૈમુતિક ન્યાયથી લીલાની નિત્યતા સિદ્ધ થાય છે. લીલાની નિત્યતા ન હોય તો સાધનરૂપ પ્રપઞ્ચની નિત્યતા નિરર્થક સિદ્ધ થશે તથા ભગવાન્‌ના ભોક્તૃત્વમાં પણ અનિત્યતા પ્રાપ્ત થશે આથી લીલા નિત્ય છે. લીલાની નિત્યતા શ્રીભાગવતના આ વાક્યથી સિદ્ધ થાય છે. "જીવોનો આધારરૂપ, દેવકીના ઉદરથી પ્રાદુર્ભાવ પામેલા, જેના સભાસદ અને સેવકો ઉત્તમ યાદો જે, અધર્મને પોતાના બાહુ બલથી દૂર કરનારા, સ્થાવર જંગમના પાપોનો નાશ કરનારા, સુન્દર હાસ્ય યુક્ત શ્રીમુખથી વ્રજવનિતાઓના કામને

વધારનારા, એવા શ્રીકૃષ્ણનો જય થાવ.'' આ વાક્યમાં ક્રિયાપદ તથા કૃદન્તોનો પ્રયોગ કરીને શ્રીશુકદેવજીએ લીલાનું વર્તમાનત્વ કહ્યું છે. શ્રીવિઠ્ઠલનાથજીએ આ વિષય વિદ્વન્માણ્ડનમાં વિસ્તારથી સમજાવ્યો છે. ગ્રન્થ વિસ્તાર ભયથી તેનો અહિં ઉલ્લેખ કરતા નથી.

૧. जयति जननिवासो देवकी जन्मवादो यदुवरपरिषन्स्वै दोर्भिरस्यन्नधर्मम् ।
स्थिरचर वृजिनघः सुस्मितः श्रीमुखेन व्रजपूरवनितानां वर्द्धयन् कामदेवम् ॥

શું બન્ધ મોક્ષ પણ નિત્ય છે?

આ પ્રકારે લીલા નિત્ય હોવાથી તેના નિત્યત્વની સિદ્ધિની સારૂ બન્ધ અને મોક્ષને પણ નિત્યજ કહેવું જોઈએ. ''મારા એક અંશરૂપી જીવને અવિદ્યાથી અનાદિ બન્ધ થયો છે અને વિદ્યાદ્વારા તેને મોક્ષ મલે છે'' આ ભગવદ્વાક્યથી સાબીત થાય છે બન્ધ અને મોક્ષ અનાદિ છે. બન્ધ અને મુક્તનું વૈલક્ષણ્ય આ પ્રકારે કહ્યું છે ''જે અવિદ્યાથી યુક્ત છે તે નિત્ય બદ્ધ છે અને જે વિદ્યાથી યુક્ત છે તે નિત્ય મુક્ત છે.''

આ પ્રકારે બદ્ધ અને મુક્ત ભેદથી દૈવ અને આસુર વિભાગ ઉત્પન્ન થાય છે. જો કે બન્ને અંશરૂપ હોવાથી અંશત્વે સમાન છે તથાપિ બન્ધ અને મોક્ષથી તે જીવ નિકૃષ્ટ અને ઉત્કૃષ્ટ છે. અને તેથી ભગવાન્‌ની ક્રીડાને અર્થે દૈવ અને આસુર વિભાગ છે એમ આશય સમજવો.

દૈવાસુરનાં લક્ષણ

જ્યાં સુધી દૈવ અને આસુરનાં લક્ષણ ન કહેવાય ત્યાં સુધી તે વિષયમાં કોઈ નિર્ણય સ્પષ્ટ નથી થઈ શકતો, આથી તેનાં લક્ષણ કહેવાં ઉચિત છે સૃષ્ટિ કાલમાં કાર્યને લીધે માયા શક્તિનું પૃથક્કરણ કર્યું છે 'હું' 'મારૂ' ઈત્યાદિથી પૃથક જ્ઞાન થાય છે. આ માયા શક્તિથી જેનું પરિગ્રહણ થયું તે આસુરી જીવ છે. આસુરી જીવ કદાપિ મોક્ષ માર્ગનો અનુયાયી નથી. કારણકે તે મોક્ષ માર્ગમાં પ્રતિબન્ધ છે. જે સ્વપરિગૃહીત છે અર્થાત્ ભગવાને જેનું પરિગ્રહણ કર્યું છે તે દૈવી છે. ''સત્સ્ત્રિયો જેવી રીતે સત્પતિને વશ કરી લે છે તેવી રીતે

મારા ભક્તો પણ મને વશ કરી લે છે” “ભગવાન્ જેનું વરણ કરે છે તેનેજ ભગવાન્ લભ્ય છે, બીજાને નહિ,” ઇત્યાદિ વાક્યોથી સિદ્ધ થાય છે કે ભગવાન્ દૈવી જીવોનું પરિગ્રહણ કરે છે. જેણે માયાનું પરિગ્રહણ કર્યું છે તે અસૂર છે.

પરિગ્રહણ શબ્દનો પ્રયોગ કરવાથી એમ સિદ્ધ થાય છે કે પરસ્પર (એક બીજાનો) પરિત્યાગ કરી શકાતો નથી. ભક્ત કદાપિ ભગવાનનો ત્યાગ કરતો નથી અને તેવીજ રીતે ભગવાન્ પણ કદી ભક્તોનો ત્યાગ કોઈપણ પ્રકારે કરતા નથી. આસુર અને માયાનો પરસ્પર અપરિત્યાગ છે. અને તે ભગવાનની ઇચ્છાને અનુકૂલ છે. “હે ઉદ્ધવ મને પ્રાપ્ત ન કરનારા (આસુર જીવ) અધમ ગતિને પામે છે” “જે દુષ્ટ કર્મ કરવાવાલો મૂઢ, નરાધમ મને પ્રાપ્ત નથી કરી શકતો તેનું જ્ઞાન માયાથી ઉપહત થઇ ગયેલું હોવાથી તે આસુર ભાવને પ્રાપ્ત કરે છે” આ વાક્યોથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે આસુરી જીવોને કદાપિ ભગવત્પ્રાપ્તિ થતી નથી. પરન્તુ દૈવી જીવોને તો ભગવત્પ્રાપ્તિ સહજ છે. જેવી રીતે સમ્પુટની બહાર કહાડેલું દ્રવ્ય અને ચોરથી ચોરાઇ ગયેલું દ્રવ્ય. આમાં ઉપલું દ્રવ્ય પ્રાપ્ય છે, જ્યારે ચોરથી ચોરાઇ ગયેલું દ્રવ્ય હજારો ઉપાયથી પણ પ્રાપ્ય નથી. આસુરી જીવોની સૃષ્ટિ ભગવાનથી થયેલી હોવાથી તેનો લય માયામાં થાય છે. કારણકે માયાનીદ્વારા મોહીત થઇ જઇને જ્ઞાન અને ભક્તિના અભાવમાં ભગવાનથી સાયુજ્યની સમ્ભાવના નથી. “સૂર્યના વિના ગાઢ અંધકારથી વ્યાપ્ત લોકમાં જીવ આત્મઘાતી છે, તે મૃત્યુની પાછળ જાય છે” આ શ્રુતિથી અન્ધતમસમાં પ્રવેશ ‘અધમગતિ’ શબ્દનો અર્થ છે એમ સમજવું. અત માયાથી મોહિત હોવાને લીધે ભગવાનની પ્રાપ્તિનું સાધન જ્ઞાન અને ભક્તિનો અભાવ છે એમ સિદ્ધ થાય છે.

આસુરોને આનન્દાનુભવ નથી.

આસુરી જીવોનો પ્રકૃતિની સાથે સમ્બન્ધ છે, પરન્તુ પ્રકૃતિ ભગવાનની શક્તિ હોવાને કારણે ભગવાનથી અભિન્ન છે, અને આથી પ્રકૃતિ પણ આનન્દરૂપા છે, તો પ્રકૃતિમાં પ્રવેશ કરવાવાલા જીવોને પણ આનન્દથી પ્રાપ્તિ થવી જોઇએ તો પછી ભગવત્પ્રાપ્તિ નથી થતી એમ કેમ કહો છો?

ભગવાનના આનન્દરૂપનું પ્રાકટ્ય માયામાં નથી થતું, માયામાં પ્રકટ ન હોવામાં પણ કારણ ભગવાનની ઇચ્છાજ છે. અત એવ જો માયામાં આનન્દ નથી તો આસુરોમાં આનન્દની ગન્ધ પણ ક્યાંથી હશે? અન્યથા ભક્તોની માફક આસુરોને પણ માયાનો અનુભવ થવો જોઇએ. અને જો તેમ છે તો પછી દેવ અને આસુરમાં ભેદ નહિં રહે. આથી અવશ્ય માનવું પડે છે કે ભગવાનના આનન્દરૂપનું પ્રાકટ્ય માયામાં નથી.

પ્રકૃતિનો સ્વભાવ મોહ ઉત્પન્ન કરવાનો છે. તથાપિ માયાથી ઉત્પન્ન થનારો મોહ કાર્યભેદથી ભિન્ન છે. દૈવી માયાથી ઉત્પન્ન થતો મોહ મોક્ષને માટે છે, ત્યારે આસુરી માયાથી ઉત્પન્ન થનારો બન્ધ આપે છે. મોહની ભિન્નતા હોવાથી આસુરી માયાનું અસત્વ અધવા ક્રૂરત્વ બતાવવા "**राक्षसीमासुरीं चैव**" આ ભગવદ્ગીતાના શ્લોકમાં માયાનાં આસુરી અને રાક્ષસી એમ બે લક્ષણ કહ્યાં છે. ક્રૂરતા તો સ્વભાવમાંજ કારણ છે. શ્રીમદ્ભાગવતના તૃતીય સ્કન્ધમાં કહ્યું છે કે **तेषां सहज क्रूरत्वात्** આસુરોમાં ક્રૂરતા સહજ હોય છે. અને આથી દયાનો અભાવ છે. દશમસ્કન્ધના પ્રથમાધ્યાયમાં કહ્યું છે કે **क उत्तमश्लोकगुणानुवादात् पुमान् विरज्येत विना पशुघ्नात्** પશુ હિંસા કરનાર (કસાઇ) થી અતિરિક્ત બીજો કોણ પુરૂષ ઉત્તમ કીર્તિયુક્ત ભગવાનના ગુણાનુવાદથી વિરક્ત થાય? આ વાક્યથી ભગવાન્ના ગુણાનુવાદમાં અપ્રીતિ થવી તે આસુરી ભાવ છે. આસુરભાવમાં પણ "પશુની હિંસા કરનાર" આ વિશેષણ હોવાથી ક્રૂરત્વ સ્પષ્ટ છે. અર્થાત્ ક્રૂરત્વજ આસુર ભાવનું લક્ષણ સમજવું.

આસુરી માયાથી મોહને અતિરિક્ત બીજું કંઇપણ કાર્ય થતું નથી. આથી **प्रकृतिं मोहिनी श्रिताः** મોહિની પ્રકૃતિનો આશ્રય આસુરીને છે. આ વાક્યથી આસુરી માયાને મોહિની પ્રકૃતિ કહી છે. આ પ્રકારે આસુરી માયા મોહને ઉત્પન્ન કરી શકે છે, અન્ય કાર્ય તે શક્તિદ્વારા નથી બની શકતું તે આનાથી (મોહથી) સિદ્ધ થાય છે. અત એવ દૈવી પ્રકૃતિથી આ પ્રકૃતિનો ભેદ છે.

આસુરોને પરમ્પરા પણ આનન્દની પ્રાપ્તિ થતી નથી. જો એમ કહેવાય કે પ્રલયકાલમાં જ્યારે ભગવાન્માં લય થઇ જાય છે ત્યારે તે પ્રકૃતિનાદ્વારા આસુરોનો પણ લય થઇ જાય છે તો પરમ્પરાથી સમ્બન્ધ બની શકે છે. આથી

તેનો પણ આનન્દાનુભવ થઇ શકે છે. પરન્તુ એમ કહેવું તે બરાબર નથી. કારણકે પ્રલયકાલમાં યદ્યપિ આસુરોનો લય ભગવાનમાં થઇ જાય છે, તો પણ પ્રકૃતિનો અન્તરાય હોવાથી આનન્દાનુભવ થતો નથી અન્યથા પ્રલય અને મુક્તિનો ભેદ નષ્ટ થઇ જશે. જો પ્રલયમાં આનન્દાનુભવ થાય તો પ્રાચીન શિષ્ટ પુરુષ પ્રલય અને મુક્તિનો ભેદ ન કરતાં કેવલ પ્રલયનેજ મુક્તિ કહી દેત, પરન્તુ તેવો વ્યવહાર દેખાતો નથી. બીજો પણ એક બાધ ઉપસ્થિત થાય છે, અને તે આ છે કે જો પ્રલયજ મુક્તિ હોય, તો મુક્તિને માટે શાસ્ત્રમાં જે સાધનાનુષ્ઠાન બતાવ્યાં છે તે વ્યર્થ થશે. પ્રાજ્ઞ પુરુષ મુક્તિને માટેજ પ્રયત્ન કરે છે, નહિ કે પ્રલયને માટે. પ્રલય તો સ્વયં થનાર જ છે. અતઃ તેના માટે પ્રયત્ન કરવાની જરૂરજ નથી, આથી મુક્તિ વિધાન કરનારાં શાસ્ત્રો નિરર્થક થઇ જાય છે. આ આશય મનમાં રાખીને શ્રીમદ્હરિરાયચરણ આજ્ઞા કરે છે કે કોઇપણ બુદ્ધિમાન્ પુરુષ પ્રલયને માટે પ્રયત્ન નહિ કરે, પરન્તુ મૂર્ખજ જે શાખા ઉપર બેઠો હોય તે શાખાને તોડવા પ્રયત્ન કરે છે. આથી મુક્તિ અને પ્રલયનો ભેદ સ્વીકારવોજ પડે છે. જે પ્રયત્ન મુક્તિને માટે કરવો પડે છે તે પ્રલયને માટે કરવાની આવશ્યકતા નથી. આ પ્રકારે પ્રલય અને મુક્તિ ભિન્ન છે. તેમાં પણ સ્વરૂપાનન્દના અનુભવરૂપી મુક્તિ તે પુષ્ટિ મુક્તિ છે. આ મુક્તિ અમને ઈષ્ટ છે. સ્વરૂપાનન્દના અનુભવરૂપી મુક્તિ ભિન્ન છે.

ભક્તિથી જ મુક્તિ છે.

પ્રલય તો ઉદરવર્તિ કૃમિઓની માફક રહે છે. આનન્દાનુભવ કેવલ ભક્તિથીજ સાધ્ય છે. તે ભક્તિ પૂર્વોક્ત સ્નેહરૂપ છે. સ્નેહરૂપ ભક્તિથી સ્વરુપાનન્દનો અનુભવ લભ્ય હોવાથી મુક્તિ દશામાં ભગવાનના હૃદયમાંજ સ્થિતિ રહે છે. અત એવ "ભગવાનના વક્ષઃ સ્થલમાં લક્ષ્મીજીએ નિવાસ કર્યો છે." પરન્તુ ભક્તિ રસનું પર્યવસાન તો શૃઙ્ગાર રસમાંજ થાય છે. એમ સુક્ષ્મ બુદ્ધિવાળાઓનું મંતવ્ય છે. **उत्तमपुरुषस्त्वन्यः** ઉત્તમ પુરુષ તો અન્ય છે તે પરમાત્મા કહેવાય છે. આ વાક્યાનુસાર 'પર' પુરુષોત્તમને જેના દ્વારા માપી શકાય છે તેને 'પરમ' કહવો જોઇએ. આ પરમ આકાશરૂપ છે. તે પરમ આકાશરૂપી ગુફામાં અર્થાત્ વ્યાપિ વૈકુણ્ઠાત્મક હૃદયાકાશમાં સત્ય જ્ઞાન

અને અનન્ત એ ધર્મોથી યુક્ત બ્રહ્મને જે જાણે છે તે રાસલીલામાં નિપુણ બ્રહ્મની સાથે સર્વ મનોરથોને ભોગવે છે. આ અર્થ વ્યાસ સૂત્રના આનન્દમયાધિકરણમાં શ્રીમદાચાર્ય ચરણે પ્રતિપાદન કર્યો છે.

આ પ્રકારે ભગવાન્‌ની ભક્તોમાં અભિલાષા હોવાથી ભક્ત પણ ભગવાન્‌ના હૃદયમાં સ્થિત છે, એમ સિદ્ધ થાય છે. અહિં ભગવાન્ પૂર્ણ છે તેથી તેમના હૃદયમાં અભિલાષા નથી થઈ શક્તી એવી શંકા અસ્થાને છે, કારણકે ભક્ત અને ભગવાન્ બન્નેની અભિલાષાના અભાવમાં રસમર્યાદાનો ભંગ થવાનો પ્રસંગ ઉપસ્થિત થઈ જશે. આ પ્રકારે આ શઙ્કા પણ થઈ શક્તી નથી. જો ભગવાન્‌માં અભિલાષા હોય તો તેમની પૂર્ણતામાં ક્ષતિ આવે. કારણ આ **रसो वै सः** શ્રુતિ અનુસાર તે રસરૂપ છે. અતઃ રસલીલા કરવી તે તેને ઈષ્ટજ છે. આ પ્રકારે ભક્તોમાં પણ અભિલાષા હોવાથી તેમની નિષ્કામનામાં ક્ષતિ નથી. કારણકે ભક્ત જો કે ભગવાનનુંજ સ્વરૂપ છે તથાપિ તે ભગવાન્‌ને અતિપ્રિય છે, અને ભગવાન્‌ની સાથે તેનો અભેદ છે તેથી તેમાં પણ રસલીલા ઈષ્ટજ છે. ભગવાન્‌થી અતિરિક્ત સ્થલમાં જો અભિલાષા હોય તો તેની ક્ષતિ પ્રાપ્ત થઈ શકે છે. પરન્તુ અહિં તો પરસ્પર અભિલાષા હોવાથી અન્યોન્ય મનોરથ પૂર્ણ કરવા માટે અભિલાષા છે નહિ, કે કોઈ વસ્તુની અપેક્ષાથી. આથી તે અભિલાષા રસપૂર્ણ કરવા માટે છે, એમ સિદ્ધ થાય છે. આ પ્રકારે હોવાથી ભગવાન્‌માં પૂર્ણત્વના સમ્બન્ધમાં એક પણ શંકા રહેતી નથી.

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्। જે લોકો જેવી રીતે મારે શરણે આવે છે, તેમને તેવી રીતે હું ભજું છું. આ ભગવદ્વાક્યથી પૂર્વોક્ત સર્વ નિર્દોષ છે.

ભગવાન્‌ના હૃદયમાં ભક્ત સ્થિત છે, આ વિષયમાં ભક્ત કવિ જયદેવની ઉક્તિ પ્રમાણભૂત છે. ગીત ગોવિન્દ એ શ્રૃંગાર રસને વર્ણવનારો શ્રેષ્ઠ ગ્રન્થ છે તેમાં "રાધાને હૃદયમાં ધારણ કરી વ્રજસુન્દરીનો ત્યાગ કર્યો એમ કહ્યું છે આથી પણ ભગવાન્ ભક્તના હૃદયમાં સ્થિત છે એમ સિદ્ધ થાય છે.

નિજાચાર્યની અનુકમ્પાથી **निजाचार्यानुकम्पातः** શ્રીહરિરાયજીએ આ સંશય દૂર કર્યો છે. આથી સ્વામી મારા ઉપર સંતુષ્ટ થાય.

* * *



॥ श्री कृष्णाय नमः ॥

श्रीव्रजराजविरचित

ब्रह्मवाद ।

विशेषैः प्राकृतैः शून्यमप्राकृतविशेषवत् ।
अशेषोपनिषद्वेद्यं ब्रह्मरूपं वयं स्तुमः ॥

પ્રાકૃત ધર્મરહિત, અપ્રાકૃત (અલૌકિક) ધર્મવાળા તથા સર્વ ઉપનિષિદ્‌થી શ્રેષ્ઠ રીતે પ્રતિપાદન કરાયેલા બ્રહ્મની અમે સ્તુતિ કરીએ છીએ.

આ શ્લોકમાં બ્રહ્મ પ્રાકૃત ધર્મ રહિત જણાવેલું છે. પરન્તુ તે બરાબર નથી. કારણ કે (૧) **सर्वं खल्विदं ब्रह्म** तज्जलानिति (આ સર્વ બ્રહ્મજ છે, તેમાંથીજ સર્વ સંસાર ઉત્પન્ન થાય છે તેમાંજ લય પામે છે અને તેનાજ આધારે ચાલે છે.) (૨) **एकोऽहं बहु स्याम** (હું એક છું તે બહુ થાઉં) (૩) (**सहैतावानास** તે હૈતાવાન્ છે) **अहं सर्वस्य** जगतः **प्रभवः प्रलयस्तथा** (હું સર્વ સૃષ્ટિનો ઉત્પાદક અને નાશક છું) ઈત્યાદિ શ્રુતિ-સ્મૃતિનાં સૂત્રોવડે સર્વ જગત્ બ્રહ્મરૂપજ સિદ્ધ થાય છે તો પછી તેમાં અન્તર્ગત ધર્મોનું માયિકત્વ સિદ્ધ કેવી રીતે થઇ શકે છે? અને તે ધર્મોનો નિષેધ કેવી રીતે કરી શકો છો?

ધર્માનું પ્રાકૃતત્વ

ઉપરના પૂર્વ પક્ષનું સમાધાન નીચે પ્રકારે છે. **स एकाकी न रमते** (તે એકાકી રમતો નથી) **स द्वितीयमैच्छत्** (તેને બીજાની ઈચ્છા થઇ) **अहं बहुस्याम्** (હું બહું થઉં) ઈત્યાદિ શ્રુતિ વાક્યોની સાથ એક વાક્યતા કરતાં રમણાર્થેજ બ્રહ્મે નામ રૂપ વૈચિત્ર્યથી પોતાનીજ પ્રકટ કરવાની ઈચ્છા થઇ એવો અર્થ નીકળે છે. આમાં નામરૂપનું વૈચિત્ર્ય ઉચ્ચ નીચ ભાવથીજ થઇ શકે છે. અને તે ઉચ્ચ નીચ ભાવ પણ અંશોથી અને અધિક હોવામાં ઉપપન્ન થશે. આથી સત્, ચિત્, અને આનન્દ રૂપ ત્રણ અંશોના ક્રમથી તિરોભાવ કરીને બ્રહ્મજ જડ, જીવ અને અન્તર્યામીરૂપમાં પ્રાદુર્ભાવ પામેલું છે. એમ

“અત્યન્ત પ્રદીપ્ત અગ્નિમાંથી વિસ્ફુલિંગ (ચિનગારીઓ) નીકળેછે.”આ મુણ્ડક શ્રુત્યન્તર્ગત વાક્યથી સિદ્ધ થાય છે. વર્તમાન વસ્તુના અનુભવની યોગ્યતા એનું નામ તે આવિર્ભાવ. અને તેની અયોગ્યતા તે તિરોભાવ. આમાં અનુભવ શબ્દથી જીવનિષ્ઠ અથવા જીવાન્તર્યામિ સાધારણ અનુભવ લેવો જોઈએ.

બ્રહ્મના ત્રણ અંશોમાં આનન્દાંશ અને ચિદંશ તિરોહિત અથવા અપ્રકટ હોવાથી જડનું સ્વરૂપ સિદ્ધ થાય છે, આનન્દાંશ તિરોહિત થવાથી જીવ કહેવાય છે. જીવનું પ્રતિબિમ્બત્વ પણ આ પ્રકારે સમજવું જોઈએ. આનન્દાંશનો આવિર્ભાવ હોવાથી બ્રહ્મત્વ સિદ્ધ થાય છે. આજ વિષય શ્રીમદાચાર્ય ચરણે “જીવનું આભાસત્વ અને પ્રતિબિમ્બત્વ આ પ્રકારે છે.” ઈત્યાદિ વાક્યોથી તત્ત્વદીપનિબન્ધમાં લખ્યો છે, સત્, ચિત્, આનન્દરૂપ ત્રણે અંશ પ્રકટ થતાં અન્તર્યામિત્વ સિદ્ધ થશે. ભગશબ્દવાચ્ય ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય આ છ ગુણોનો જીવના અવિદ્યાના સમ્બન્ધથી લોપ થયો છે. તેથીજ બન્ધ, ભરણ, દેશાદિરાગ અને ભ્રમ ઉત્પન્ન થાય છે. અને ‘**बंधोस्याविद्यया** આવિદ્યાના કારણથીજ જીવને બન્ધ થાય છે આ વાક્યથી જીવનેજ બન્ધનની પ્રાપ્તિ કહી છે. આ વાક્યથી જીવેતરોનું બન્ધન પ્રતિપાદિત કરી શકાતું નથી. કારણ કે કશું પ્રયોજન નથી. **पराभिध्यानात्तु तिरोभाव हितं ततो ह्यस्य बंधविपर्ययौ** ‘ઈશ્વરેચ્છાથીજ જીવમાં ભગવદ્ધર્મોનો આવિર્ભાવ અને તિરોભાવ થાય છે.” આ વ્યાસ સૂત્રથી સિદ્ધ થાય છે. આ તો જીવની વાત થઈ. પરંતુ જડનું શું? તેમાં ઐશ્વર્યાદિ ભગવદ્ધર્મ કદી રહી શકતા નથી. કારણ કે ચેતનમાંજ તે ધર્મોનો સમ્ભવ છે, જીવને જડ રૂપ તથા જીવરૂપ બ્રહ્મમાં તે બ્રહ્મ નથી એવો ભ્રમ અવિદ્યાના સમ્બન્ધથી થાય છે. આ ભ્રમ સ્વરૂપાજ્ઞાન – પોતાના ખાસ સ્વરૂપનું અજ્ઞાન –કહેવાય છે. કારણ કે તે કારણથી સત્યત્વાદિ અનેક અલૌકિક ધર્મોનાં અસત્યત્વ તથા વિકારિત્વાદિ લૌકિક ભ્રમ થાય છે. આ પ્રમાણે સત્યવિદ્યા સમ્બન્ધથી જે લૌકિક ધર્મોનું જ્ઞાન થાય છે તેવીજ રીતે જડ અને જીવના જેટલા ધર્મ છે તે સર્વની પ્રાકૃત-ધર્મ સંજ્ઞા છે, અને જ્યારે એવો પ્રાકૃતધર્મ બ્રહ્મમાં દેખાતો નથી ત્યારે “પ્રાકૃતધર્મ રહિત બ્રહ્મ છે.” એવું જે આરમ્ભમાં વિધાન કરેલ છે તે બરાબર છે. પ્રકૃતિ સમ્બન્ધ સહકૃત ઈન્દ્રિયોથી જેનું જ્ઞાન થાય છે તે

પ્રાકૃત એમ પ્રાકૃત શબ્દની વ્યાખ્યા કરવી.

નિષેધક શ્રુતિઓનું તાત્પર્ય.

નિષેધક શ્રુતિઓનો પણ આ અભિપ્રાય છે. આ નિષેધ, દુર્બલ પ્રમાણ બોધિત પદાર્થોના પ્રબલ પ્રમાણથી છે એમ સમજવું. નિષેધ શ્રુતિઓ પણ આ દૃષ્ટિથી બ્રહ્મમાં પ્રાકૃત ધર્મોનો નિષેધ કરે છે. આનું વિશેષ વિવરણ પૂર્વ મીમાંસાના ત્રીજા અધ્યાયના ત્રીજા પાદમાં કર્યું છે.

બ્રહ્મમાં અલૌકિક ધર્મોનું અસ્તિત્વ

અત્યાર સુધી જે વિવેચન કર્યું છે તેથી એમ સમજવાનું નથી કે ધર્મ પ્રાકૃત છે. અને જ્યારે તે બ્રહ્મમાં નથી રહી શકતા ત્યારે બ્રહ્મમાં કોઈ ધર્મનું અસ્તિત્વ નથી. આના માટેજ અપ્રાકૃત ધર્મવાન એવું વિશેષણ બ્રહ્મ માટે વપરાયું છે. પ્રાકૃતથી ભિન્ન એ અપ્રાકૃત શબ્દનો અર્થ થાય છે. અર્થાત જેનું જ્ઞાન પ્રકૃતિ સમ્બન્ધ યુક્ત ઈન્દ્રિયોથી નથી થતું તે અપ્રાકૃત ધર્મ કહેવાય છે. આવો અપ્રાકૃત ધર્મ બ્રહ્મમાં જરૂર છે. આમાં પ્રમાણો શ્રુતિઓનાં છે. અને તે ગ્રન્થના આરમ્ભમાં કહ્યાં છે.

શ્રુતિ માયિક ધર્મોનું વિધાન નથી કરતી. પૂર્વોક્ત શ્રુતિઓમાં જે ધર્મોનું વર્ણન છે તે માયિક છે અને એમાં કોઈ પ્રમાણ મલી શકતું નથી. આથી બ્રહ્મમાં અપ્રાકૃત ધર્મોનું અસ્તિત્વ સિદ્ધ છે. યદ્યપિ નિષેધવાચક શ્રુતિઓ બ્રહ્મના સર્વ ધર્મોનો નિષેધ કરે છે એમ સમજવાનું નથી પરન્તુ કેવલ પ્રાકૃત ધર્મોનેજ. એમ જો ન માનવામાં આવે તો अपाणिपादो जवनो गृहीता હાથ અને પગ બિનાનું બ્રહ્મ જાય છે અને ગ્રહણ કરે છે તથા "તેની શક્તિ સર્વ શ્રેષ્ઠ છે." ઈત્યાદિ શ્રુતિ વાક્યોમાં જે ગમનાદિ ક્રિયા તથા જ્ઞાનાદિ ગુણોનું વિધાન કર્યું છે તે તદ્દન વ્યર્થ થશે.

ધર્મ ઉપાસનાર્થે કહેવાયો નથી.

અન્તઃકરણ ઉપાસનાથી શુદ્ધ થઈ જાય છે. આથી ઉપાસનાની સિદ્ધયર્થે ધર્મોનું નિરૂપણ બતાવ્યું છે આથી એ વ્યર્થ નથી થઈ શકતો કે આ કહેવું

પણ ગલત છે. કારણ કે પગ વગેરેથી રહિત નિર્વિશેષ બ્રહ્મનું ધ્યાન કરવું અસમ્ભવિત છે. ઉપાસનાર્થે અહિં અલૌકિક ધર્મોનું વિધાન છે. એમ-કહેવું પણ વ્યર્થ છે કારણ કે સર્વ ધર્મો લોકમાં પ્રસિદ્ધ હોવાથી લૌકિકજ છે. પાદાદિ સિવાય ગમન ક્રિયા અલૌકિકજ થશે. આવી રીતે સ્વરૂપના જ્ઞાનાર્થે ધર્મ રાહિત્યનું વિધાન તથા ઉપાસનાને સારૂ ધર્મ વિધાન આ પ્રકારે દ્વિવિધ હોવાથી વાક્ય ભેદ થશે. આ સિવાય બ્રહ્મમાં લૌકિક ધર્મોનું અસ્તિત્વ ભ્રમથી માનીને યદિ ઉપાસના કરવામાં આવે તો તે અશુદ્ધોપાસના શા કામની? ‘‘બીજા સ્વભાવના આત્માને વિપરીત કહેનાર પાપી છે.’’ ઈત્યાદિ વાક્યોમાં પણ આ કારણથીજ નિન્દા કહી છે. **अन्यथा सन्तमात्मानमन्यथा सत्सु भाषते स पापकृत्तमो लोके स्तेन आत्मापहारकः**

બ્રહ્મમાં જો કે ધર્મો નથી છતાં પણ શાખાચન્દ્રન્યાયથી તેને વૈશિષ્ટ્ય માનવામાં શી આપત્તિ છે.? આ પૂછવૂં પણ વ્યર્થ છે. કારણ કે આપ જે દૃષ્ટાન્ત લોછો તેજ તદ્દન અસમ્ભવિત છે. શાખા જે રીતે પ્રત્યક્ષ છે તેવીજ રીતે બ્રહ્મ ક્યાં પ્રત્યક્ષ છે? કે જેથી ચન્દ્રની માફક બ્રહ્મમાં ધર્મોનો આરોપ કરે? હાથ, પગના સિવાય લેવું, દેવું વગેરે બ્રહ્મનિષ્ઠ ધર્મ પ્રત્યક્ષ નથી. જ્યારે બ્રહ્મ અને ધર્મ બન્ને અપ્રત્યક્ષ કર્યાં ત્યારે ત્યાં પ્રત્યક્ષસ્થલીય શાખાચન્દ્રન્યાય લગાડવો એ એક મોટી ભૂલ છે. આકાશનું દૃષ્ટાન્ત લઈને બ્રહ્મમાં ધર્મ સિદ્ધ કરવા પણ આજ કારણથી ઠીક નથી.

બ્રહ્મમાં કોઈ ધર્મનો આરોપ થઈ શકતો નથી. જ્યારે એ ધર્મ ઈતરત્ર પ્રસિદ્ધ હોય ત્યારેજ તેનો બ્રહ્મમાં આરોપ થઈ શકે છે. કારણ કે બીજી જગાએ રહેનાર ધર્મનું બીજી જગાએ સ્થાપન કરવું તેનું નામ આરોપ. અર્થાત પાણિપાદ રહિત ગમનાદિ ક્રિયા લોકમાં પ્રસિદ્ધ નહિ હોવાથી તેનો આરોપ થઈ શકતો નથી. આ કારણથી નિષેધ શ્રુતિઓ અલૌકિક ધર્મોનો પણ નિષેધ કરી શકતી નથી પહેલાં જો તે ધર્મોને જાણી લે તો પછીજ તેનો નિષેધ થઈ શકે. પરન્તુ અલૌકિક અર્થાત્ લોકમાં અજ્ઞાત ધર્મોનો નિષેધ કેવી રીતે થઈ શકે? અમારી ઈન્દ્રિયોથી યદ્યપિ તે ધર્મોનું જ્ઞાન થઈ નથી શકતું તથાપિ શ્રુતિની દૃષ્ટિથી થશે એમ પણ માની શકતા નથી. કારણ કે જો એમ માને તો સંસારમા ત્રણ પ્રકારનો રૂપ થઈ જાય. અને બ્રહ્મનાં તો મૂર્ત અને અમૂર્ત એવાં બેજ

રૂપ છે.'' ઇત્યાદિ શ્રુતિઓનો વિરોધ થશે. આ શ્રુતિમાં જેનું જ્ઞાન થાય છે તેનો અનુવાદ કહ્યો નથી બન્ને અમને પ્રત્યક્ષ થઇ શકતાં નથી આ વાત ચોકખી કરવા માટે પહેલાં બે પ્રશ્નોનો વિચાર કરવો જોઇએ તે એ છે કે – શું શ્રુતિ છીપા ઉપર જેમ ચાંદીનો ભ્રમ થાય છે તેવી રીતની દોષ યુક્ત દષ્ટિથી તે ધર્મોને દેખે છે? અથવા રજત (ચાંદી)માં રજતતત્વ સમાન ગુણ દષ્ટિથી? આમાં પ્રથમ પક્ષ કદી બની શકતોજ નથી. કારણ કે રજત જેમ બીજા સ્થાન સ્થિત છે તેવી રીતે આ ધર્મ ઇતર નથી. અને વળી શ્રુતિઓનો ભ્રમ કેવી રીતે થાય? ભ્રમ અવિદ્યાથી થાય છે શ્રુતિઓની સાથે અવિદ્યાનો સમ્બન્ધ કદાપિ કહ્યો નથી આ તરહથી પહેલો પક્ષ નથી લેવાતો જો બીજો પક્ષ લે તો કહે છે કે તેનો નિષેધ કરાતો નથી કારણ કે સત્યજ દેખાય છે. તે સત્ અને એકરસ હોવાને કારણે તેમાં અવસ્થા ભેદ માનીને પણ ઉપપત્તિ કહી શકાતી નથી. તે અને વળી એક દોષ એમ માનવો પડે છે કે ઉપાસનાર્થેજ શાથી જુઠા ધર્મોનું વિધાન કરીને શ્રુતિ પ્રતારક અર્થાત બીજાને ફસાવવાવાળી થશે.? ઉપાસના પણ એવી અલૌકિક ધર્મોની નથી થઇ શકતી. તે ધર્મ અલૌકિક હોવાને કારણે સાકારોપાસના નોજ સ્વીકાર કર્યો, પરન્તુ એમ કરવામાં પણ મૂલ દોષ ત્યાંનો ત્યાં કાયમ રહ્યો. અર્થાત્ લસણ ખાવાનું પાપ કર્યું છતાં પણ બિમારીમાંથી મુક્ત થવાયું નહિ એવી અવસ્થા થઇ.

ઉપાસના શું છે.?

અત્યાર સુધી જે નિરૂપણ કર્યું તેથી તો એમ સિદ્ધ થયું કે બ્રહ્મમાં ધર્મોનું ધ્યાન કોઇ પણ રીતિથી નથી કરી શકાતું પરન્તુ એક રીતિથી ફરીથી ઉપાસના સિદ્ધ કરી શકાય છે. તે રીતિ શાબ્દબોધની છે. નદીના તીરમાં **गय्या एँ?** છે, સૌન્દર્યની નદી ઇત્યાદિ વાક્યોમાં જે તરહથી વૈશિષ્ટ્યનો બોધ કરાય છે, તેવી રિતિથી શ્રુતિ બોધિત વૈશિષ્ટ્ય માનીને ઉપાસનાની હોવાથી આનર્થક્ય દોષ નથી. પરન્તુ એમ કહવું પણ ઠીક નથી. કારણ કે ઉપાસના આ રીતિથી થઇ શકતી નથી. ''ધર્મ વિશિષ્ટ બ્રહ્મની ઉપાસના'' આનો અર્થ તેને દેખવાની ઇચ્છા અથવા તેની પ્રાપ્તિની ઇચ્છા અથવા તેને જાણવાની ઇચ્છા એમ નથી કહી શકાતું કારણ કે તમારા (શંકરાચાર્યજીના) મતમાં બ્રહ્મ નિર્ગુણ છે. બ્રહ્મનો ઉદ્દેશ રાખીને હોમ અથવા દાન કરવું તે ઉપાસના છે એમ પણ નથી

કહી શકાતું કારણ કે એ પ્રકારનો યજ્ઞ શાસ્ત્રમાં નથી. બ્રહ્મનિર્ગુણ હોવાથી પુષ્પાદિ પદાર્થોથી તેની પૂજા રૂપી ઉપાસના પણ નથી થઇ શકતી. મનનજ જો ઉપાસના હોય તો નિર્ગુણ બ્રહ્મનું પણ મનન થઇ શકે છે અતઃ ઉપાસનાને વાસ્તે ધર્મ વિધાન કર્યું છે એમ ન કહેવું જોઇએ. નિર્ગુણના મનનને સારૂ બુદ્ધિસ્થૈર્યની આવશ્યકતા છે અને બુદ્ધિ સ્થૈર્યને લીધે ગુણોની આવશ્યકતા છે. આ પ્રકારે વૈયર્થ્ય નથી એમ કહેવું પણ બરાબર નથી. કારણ કે શ્રુતિ વાક્યોનો અર્થ જાણીને પણ નિર્ગુણ બ્રહ્મનું મનન થઇ શકે છે. આથી ઉપાસનાની જરા પણ જરૂર નથી. સાંપ્રત સંન્યાસિઓની અવસ્થા દેખીને પણ આજ સિદ્ધ થાય છે. તે ઉપાસના નથી કરતા પણ કેવલ શ્રુતિને ભાણીને મનનજ કરે છે.

બ્રહ્મમાં માયિક ધર્મ નથી.

બ્રહ્મમાં માયિક ધર્મ હોય છે એવુ એક મતનું માનવું છે. પરંતુ તે પ્રમાણભૂત નથી. કારણ કે માયિક શબ્દ ‘‘માયાથી ઉત્પન્ન થયેલો’’ તેવો અર્થ થાય છે એટલે કે ‘‘માયા જેનું કારણ ભૂત છે તે’’ શાસ્ત્રમાં ત્રણ પ્રકારના કારણો વિદિત છે. (૧) સમવાયિ કારણ એટલે કે જેમાં સમવાય સમ્બંધથી કાર્યની ઉત્પતિ થાય છે. તે (૨) ‘‘અસમવાયિ’’ કારણુ બીજું - અને ત્રીજું કારણ.

આ ત્રણે કારણો પૈકી એક પણ કારણના પ્રકારથી માયા કારણરૂપે થઇ શકતી નથી. માયા જ્યારે સમવાયિ કારણજ રૂપી માનવમાં આવશે ત્યારે તે માયાનાં પણ ધર્મ થશે. સમવાયિ કારણ બ્રહ્મમાં કાર્યૈકાર્થ પ્રત્યાસત્તિ અથવા કારણૈકાર્થ પ્રત્યાસત્તિ રૂપસંબંધ નહિં હોવાથી માયા અસમવાયિ કારણ નથી દણ્ડ ચક્રની માફક નિમિત્ત કારણ જો માયા હોય તો બ્રહ્મમાં માયાનો સંબંધ માનવો શક્ય છે !

તેમ માનવાથી નિર્વિશેષ એટલે ધર્મરહિત બ્રહ્મની સિદ્ધિ શક્ય થવી મુશ્કેલ છે. માયાને ધર્મ નિમિત્ત કારણ માનવાથી દણ્ડાનો જેવી રીતે કુલાલ પ્રયોજક છે તેવી રીતે માયાનું પ્રયોજકત્વ બ્રહ્મમાં છે તેમ માનવું પડશે. અને આ માયા સંબંધને પહેલેથી બ્રહ્મમાં હોવાનું કારણ માયિક કહીનેજ તેનો નિષેધ સરખો

પણ થઇ શકશે નહિ. “ગ્રહણ કરવાને ખાતરજ સ્નાન કરવું પડે છે.” એટલે કે સ્નાનનું કારણ ગ્રહણ છે. પ્રસ્તુત ધર્મોમાં પણ આવી રીતે માયાનું કારણત્વ જો સ્વીકારીશું તો આનો પણ અનર્થજ થશે. કારણ કે અહિં બે પ્રશ્નો ઉપસ્થિત થવા સંભવ છે. (૧) કહો કે માયા નિત્ય છે કે અનિત્ય. જો નિત્ય કહીશું તો અદ્વૈત સિદ્ધ નહિ થઇ શકે. કારણ કે દુનિયામાં બે વસ્તુઓ છે.

જો અનિત્ય પક્ષનો સ્વીકાર કરીશું તો જે કાલમાં માયા ન હોય તે કાલમાં બ્રહ્મમાં માયિક ગુણોનો અભાવ માનવો પડશે.

અહિં એક વિચાર ખડો થાય. પ્રાગભાવ વસ્તુની ઉદ્‌ભવ થતા પહેલાં જે રહે છે તે અનાદિ અને સાન્ત? આવી રીતે માયાને પણ અનાદિ અથવા સાન્ત માનીશું. પરંતુ આમ કહેવું તદ્દન અનુચિત છે. કારણ કે માયા અનાદિ છે. એ પુરવાર કરવા કોઇ પ્રમાણ મલતું નથી. અમે લોકો જેવી રીતે તેના આદિત્યને પ્રત્યક્ષ પુરવાર કરી શકતા નથી. તેથીજ રીતે તેના અનાદિત્વની” પણ સંભવતા માની શકતા નથી. તેમજ માનવાથી બ્રહ્મવત્ માયા પણ “નિત્ય” થઇ જશે. એટલે કે બ્રહ્મ સદશત્વ માયામાં હોવાનું કારણ ને “બ્રહ્મની સદશ કોઇ નથી.” ઇત્યાદિ શ્રુતિઓની સાથે વિરોધ કરવો પડશે. પ્રાગભાવનું ઉદાહરણ આપવું અયોગ્ય છે. કારણ કે માયા ભાવરૂપ છે. અને ભાવમાં તે “અનાદિત્વ” હોવાથી “અનન્તત્વ” જ રહી જાય છે. “સાન્તત્વ” કદી રહી શકતું નથી. જન્ય અર્થાત્ ઉત્પન્ન થતા ભાવનો નાશ થઇ જાય છે. એ પ્રમાણેના નિયમનો અસ્વીકાર કરવાથી માયાની ઉત્પત્તિ નહિ માનતાં નાશ માને છે તો બ્રહ્મને પણ નાશવંત માનવાની મુશ્કેલી છે. કારણ કે હાલ કોણ નાશવંત અને કોણ નથી તે પુરવાર કરવા કોઇ પણ વધુ વિશેષ પ્રમાણ બતાવલું અશક્ય છે. અસલી બાબત એ છે કે દૃષ્ટાન્તજ પહેલું તો અસિદ્ધ છે.

પ્રાગભાવને નૈયાયિક માને છે તે પણ અસિદ્ધ છે આ કપાલમાં ઘટ ઉત્પન્ન થશે. આવા ભાસથી ભ્રમિત પામી પ્રાગભાવને સિદ્ધ કરે છે. પરંતુ આ પ્રતીતિ પ્રાગભાવ સાધક નથી થઇ શકતી. સત્તા “અગ્રિમ” કાલમાં થશે એવો એનો અર્થ થાય છે. આ કપાલમાં હજુ સુધી ઘટ નથી એવા ભાસના આશ્ચર્યથી પણ પ્રાગભાવ અસિદ્ધજ રહે છે છતાં પણ આ પ્રતીતિનો અર્થ

‘‘ઘટાત્યન્તાભાવ’’ અથવા ‘‘ઘટધ્વંસ’’ નથી તથાપિ તિરોભાવ અર્થ માનવો શક્ય છે. તિરોભાવ પ્રાગભાવ સ્વરૂપ નથી કારણકે ધ્વંસમાં પણ તિરોભાવની પ્રતીતિ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે જો તિરોભાવથી ગતાર્થતા થઈ તો પછી પ્રાગભાવ માનવાની આવશ્યકતા શી છે? વિદ્યમાન વસ્તુનું પ્રત્યક્ષ ન દેખાવું તેને તિરોભાવ કહે છે. અને તે ઈશ્વર ઈચ્છા પ્રેરિતજ છે. ઈશ્વર ઈચ્છા નિત્ય હોવાથી આ તિરોભાવ પણ નિત્ય થઈ શકતો નથી કારણ કે નિત્ય પ્રલય અને ઉત્પત્તિ માનવાની આવશ્યકતા આવી પડશે. દુનિયામાં પ્રલય અને ઉત્પત્તિ ચાલે છે એમ દેખીને ઈષ્ટાપત્તિ નથી કરી શકાતી. કારણ કે તેથી એકજ વસ્તુની સદા ઉત્પત્તિ અને પ્રલય માનવાની આવશ્યકતા આવી પડશે અથવા માની લ્યો કે ઘટ નથી તો તેવી પ્રતીતિનો અર્થ અત્યન્તાભાવ છે. અત્યન્તાભાવ નિત્ય છે. આથી કરીને પણ આવો પ્રયોગ અનુપપન્ન છે એવું પણ માનવું અયોગ્ય છે કારણ કે પ્રાગભાવ માનવા વાળાના મત પ્રમાણે પણ આ અનુપપત્તિ નિશ્ચિત છે હવે પ્રાગભાવની ઉત્પત્તિ માનવી ઘટોત્પત્તિ હોવા બાદ પણ ઘટ થશે એવી પ્રતીતિ ક્યાં નથી! આવી આપત્તિ ઉદ્‌ભવે છે છતાં તેની દવા બહુ આઘે નથી. ઉત્પત્તિની બાદ ઘટ થશે એવી પ્રતીતિ અશક્ય છે કારણ કે ઘટવત્તા બુદ્ધિ તે બુદ્ધિની આડે આવે છે. આ પ્રમાણે પ્રાગભાવ ન માનવાથી પણ સર્વ ઉપપન્ન થઈ શકે છે. આમ કરવાથી ‘‘લાઘવ’’ પણ થાય. નહિતર અતિરિક્ત પ્રાગભાવની કલ્પનાથી પણ ગૌરવ દોષ યુક્તજ છે.

પરંતુ અહિં ફરીથી એક શંકા ઉપસ્થિત થાય છે કે ઘટાત્યન્તાભાવજ જો પ્રાગભાવરૂપ માનવામાં આવે તો અત્યન્તાભાવ નિત્ય હોવાથી ઘટની ઉત્પત્તિ નહિ મનાય, જો કે તે ઘટાભાવ ત્યાં મોજુદ નથી છતાં પણ બીજા ઘટના અત્યન્તાભાવને માનવામાં શું બાધકરૂપ છે? ગૌરવ દોષ દીધો હતો છતાં આવશ્યક સ્થલમાં તે દોષિત નથી. ઘટબુદ્ધિ પ્રતિબંધક છે એમ કહેવું ઠીક નથી. કારણ કે અહિં બુદ્ધિનો અર્થાત પ્રતીતિ નો વિચાર નહિ પરંતુ ઉત્પત્તિનો પણ ભાવ વિચાર છે. આ પ્રમાણે નિત્ય પ્રતિબંધક છે. આથી ઘટવત્ બુદ્ધિનો હંમેશા અભાવજ રહેશે આમ ન માનવાથી વાયુમાં રૂપની ઉત્પત્તિ માનવી પડશે. તાત્પર્ય એજ કે પ્રાગભાવને અલગ માનવો જોઈએ. પરંતુ આ નૈયાયિકોનું કહેવું ઉચિત નથી. ઘટત્વ રૂપથી તે ઘટપર અત્યન્તા

ભાવ નથી તો પછી અત્યન્તાભાવ ત્રૈકાલિક શી રીતે થઇ શકે?

ભૂતલમાં જ્યારે ઘટ નથી રહેતો ત્યારે ઘટાભાવ બુદ્ધિ થાય છે. પછી ત્યાં ઘટ લાવવાથી ઘટવત્તા બુદ્ધિ થાય છે. આ દેખીને માનવું પડશે કે (બુદ્ધિનો પ્રતિબન્ધ્ય પ્રતિબંધક ભાવ ઉપપન્ન કરવાને માટે) અત્યન્તાભાવ સ્વતંત્ર છે. પરંતુ અહિં પણ બે પ્રશ્ન ખડા થાય છે. (૧) શું ત્યાં સામાનાધિકરણ્યથી અભાવવતા બુદ્ધિ મનાય છે કે અવચ્છેદાવચ્છેદથી? પહેલા પક્ષનો બચાવ કરવાથી કોઈપણ વખતે ઘટવત્તા બુદ્ધિ હોવાની આપત્તિ આવી પડશે. બીજા પક્ષનો બચાવ કરવો હોય તો પછી સામાનાધિકરણ્યથી અભાવના બખેડાનો નિકાલ કાઢી નાખી અને પ્રતિબંધની ઉપપત્તિ બીજી રીતે કરી શકાય છે ઘટરૂપથી આવિર્ભાવેચ્છા હોવાથી અભાવ ગ્રહણ તિરોહિત થાય છે. અને સર્વ વ્યવહાર પ્રત્યક્ષ થાય છે.

પ્રાગભાવ ભાવ ન માનીએ તો વિદ્વદાભરણ (વિદ્વનમણ્ડન) માં અનિત્યનું જે લક્ષણ કહેવાઇ ગયું છે તે અનુપપન્ન થઇ જશે એવી શંકા ધરવી જોઇએ નહિ. કારણકે ત્યાં બીજાના મતને અભ્યુપગમ કહેવાયો છે. નહિ કે ખાસ આપણો મત ગ્રંથકારને ત્યાંથી નીકળી શકે. વાસ્તવિક વાત એ છે કે અભાવનો પ્રતિયોગી હોવાથી અનિત્યનું લક્ષણ ગ્રન્થકારની સંમતિથીજ છે. એવું લક્ષણ કરવાથી પણ બ્રહ્મમાં તેની અતિવ્યાપ્તિ થઇ શકતી નથી. કારણ કે તે સર્વ કાર્ય અર્થાત્ જન્ય વસ્તુઓના ગુણ છે. અસ્તુઃ હવે ફરીથી મૂળ વિષય તરફ દષ્ટિગોચર કરવી ઉચિત છે :-

બ્રહ્મના ધર્મ માયાથી ઉત્પન્ન થયા નથી તે સિદ્ધ થઇ ચુક્યું. એવં ચ અલૌકિક ધર્માશ્રય બ્રહ્મ સિદ્ધ થયું. જેનું વિવેચન પ્રથમ કરી ગયા છીએ. આજ વસ્તુને સિદ્ધ કરવાને બીજું વિશેષણ મૂલમાં આપ્યું છે કે **'अशेषोपनिषदवेद्यम्'** બ્રહ્મજ સર્વે ઉપનિષદોનું પ્રતિપાદ્ય છે. આનું તત્ત્વ આ પ્રમાણે સમજવું. ઉપનિષદોમાં પ્રાકૃત ધર્મોનું વિવેચન માનવાથી બ્રહ્મ પ્રાકૃતધર્માશ્રય થશે. વસ્તુતઃ બ્રહ્મ પ્રાકૃતધર્માશ્રય નથી. અતઃ પ્રાકૃત ધર્મોનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓ બ્રહ્મપરક નથી તેમ થતાં **'सर्वे वेदा यत्पदम्'** ઇત્યાદિ શ્રુતિઓ નિરર્થક થશે. આ દોષ હઠાવવાને બ્રહ્મને અલૌકિક ધર્માશ્રય

માનવું આવશ્યક છે.

ભેદને અતાત્ત્વિક માનવાથી પણ પૂર્વોક્ત દોષનું વારણ થઈ શકતું નથી કારણકે અતાત્ત્વિક શબ્દનો અર્થ સોપાધિક એટલે ઉપાધિ સહિત થાય છે. ઉપાધિ શબ્દનો અર્થ માયા. શું માયા સમ્પૂર્ણ બ્રહ્મને વ્યાપ્ત કરે છે, કે બ્રહ્મના એક દેશને પ્રથમ પક્ષમાં વ્યાપ્તિજ થઈ શકતી નથી. વ્યાપન પરિછિન્ન પદાર્થનુંજ હોય. બીજા પક્ષમાં બ્રહ્મ અંશ સહિત થાયતે આપત્તિ છે. **'असङ्गो-ह्ययम्'** ઇત્યાદિ શ્રુતિઓનો વિરોધ પણ છેજ.

બ્રહ્મને સર્વવ્યાપી થાય તેમાં વાંધો શું છે? એવો આક્ષેપ પણ કોઈ કરી શકે છે. આકાશની માફક તે (બ્રહ્મ) પણ અવચ્છિન્ન સહિત થશે. અર્થાત્ સર્વત્ર એકજ આકાશ હોવા છતાં પણ ઘટાન્તર્ગત આકાશ ઘટાવચ્છિન્ન થાય છે તેમ બ્રહ્મ વ્યાપક હોવા હતાં પણ માયાવચ્છિન્ન હોઈ શકે છે. પરન્તુ આ દૃષ્ટાન્તજ પહેલાં ઠીક નથી. દૃષ્ટાન્ત સદૃશ વસ્તુનું હોવું જોઈએ. બ્રહ્મનું આકાશની સાથે સમાનત્વ છેજ નહિ. આકાશ કાર્ય હોવાને કારણે અંશ સહિત છે અને અંશ સહિત હોવા છતાંય વાયુની માફક અગ્રાહ્ય છે. આથી તે પ્રત્યક્ષ થતું નથી. મહત્ત્વના અભાવને કારણે દ્વયણુકને આપત્તિનું કારણ માનવામાં આવે તો અહિં પણ સ્પર્શાભાવથી વારણ કરી શકાય છે. અને અંશ સહિત હોવાથી તેનો નાશ થશે, એમ જો કોઈ આક્ષેપ કરે તો વાંધો નથી, કારણ કે અમે પણ તે માનીએ છીએ. આકાશ અમારા મત પ્રમાણે અનિત્યજ છે.

આકાશના દૃષ્ટાંત થકી પણ બ્રહ્મમાં અવિચ્છિન્નત્ત્વ સિદ્ધ નહિ થાય. જે વિભાગ કરે તેનું નામ અવચ્છેદક. જેવી રીતે ઘટનું ઘટત્વ ઘટને પટથી વિભિન્ન કરી દે છે. આકાશમાં પણ એ પ્રમાણે ઘટ પોતાના પરિમાણને અનુસરીને ભાગને અલગ કરી દે છે. આથી ઘટાવચ્છિન્ન આકાશમાં આવો પ્રયોગ થઈ શકે છે. પરન્તુ બ્રહ્મમાં આ પ્રકારનું અવિચ્છિન્નત્ત્વ ન હોવાથી બ્રહ્મ માયાવચ્છિન્ન કેવી રીતે બની શકે?

જો બ્રહ્મ સાથે માયાનો કોઈ સમ્બન્ધ થાય તો તો બહ્મ માયાવચ્છિન્ન બને. પરન્તુ સંયોગરૂપી સમ્બન્ધ થઈ શકતો નથી. સમવાય પણ નથી માની

શકાતો. અયુતસિદ્ધોનો માનવામાં આવેલો સમવયા સમ્બન્ધ અહિંસા નથી. બ્રહ્મ અને માયાની વચમાં વિશેષ્ય અને વિશેષણનો પણ ભાવ નથી. આથી સ્વરૂપ સમ્બન્ધ પણ નહિ થાય, કારણ કે જો વિશેષ્ય વિશેષણ ભાવ માનવામાં આવે તો બ્રહ્મમાં ધર્મ માનવાની આપત્તિ થશે. અર્થાત્ બ્રહ્મ સધર્મ થશે. બ્રહ્મમાં જેમ કર્તૃત્વ માયિક છે, તેમ વિશેષ્યત્વ પણ માયિક માનો એમ કહેવું પણ ઠીક નથી. માયિક શબ્દના બે અર્થ છે. (૧) માયા જન્યત્વ એટલે કે માયાથી પેદા થયેલાં અને (૨) માયા સમ્બન્ધથી પર દશ્ય વાળું. આમાં પહેલો અર્થ માનીએ તો બ્રહ્મ સધર્મ થશે. અને એકરસ બ્રહ્મ છે, ઇત્યાદિ શ્રુતિઓની સાથે વિરોધ પડશે. બીજા અર્થથી બ્રહ્મને નિઃસંગ કહેવાવાલી શ્રુતિઓની સાથે વિરોધ થશે.

બ્રહ્મમાં માયા સમ્બન્ધ નથી, કિન્તુ જીવમાંજ છે. અને જીવનિષ્ઠ માયાથીજ બ્રહ્મમાં વિચિત્ર ધર્મ ભાસે છે અર્થાત્ શંખ વિગેરેમાં રક્તિમા ન રહેવા છતાં પણ લાલ ચશ્માં વાળાને જેમ લાલની પ્રતીતિ થાય છે તેમ બ્રહ્મમાં જીવના ધર્મોનો આભાસ થાય છે. એ પ્રમાણે "બ્રહ્મ ધર્મશૂન્યજ છે" એ પૂર્વપક્ષ પણ દોષગ્રસ્ત છે. જ્યાં જીવ બ્રહ્મસ્વરૂપ થાય કે તરતજ તે માયા સમ્બન્ધ રહિત થઇ જાય છે. અને બ્રહ્મમાં આ પ્રમાણે માયાનો સમ્બન્ધ ન રહેવાથી બ્રહ્મમાં માયિક ધર્મો રહેતા નથી, કિન્તુ તેમાં અલૌકિક ધર્મજ છે.

આ પ્રમાણે બ્રહ્મનું મહત્ત્વ જાણાવવા આરમ્ભમાં **परं** બ્રહ્મ અથવા શ્રેષ્ઠ બ્રહ્મ એમ કહ્યું છે. ખાલી પર શબ્દથી બ્રહ્મનો બોધ નથી થતો. **इन्द्रियाणि पराण्याहुः** ઇત્યાદિ શ્રુતિયોમાં ઇન્દ્રિયોથી પર અર્થાત્ શ્રેષ્ઠ કહ્યું છે. અતઃ સર્વશ્રેષ્ઠ બ્રહ્મ એ અર્થ નિષ્પન્ન થયો. ખાલી બ્રહ્મ કહેવામાં પરનો લાભ થશે નહિ કારણ કે જ્ઞેય બ્રહ્મમાં પણ તેનો સમ્ભવ છે. **महतः परमव्यक्तमव्यक्तात्पुरुषः परः पुरुषान्न परङ्किचित्**। મહત્‌થી શ્રેષ્ઠ અવ્યક્ત છે, અવ્યક્તથી શ્રેષ્ઠ પુરુષ છે પરન્તુ પુરુષથી શ્રેષ્ઠ કોઇ નથી. એ શ્રુતિમાં તથા **इन्द्रियाणि पराण्याहुः** એ શ્રુતિમાં પણ અક્ષર બ્રહ્મનુંજ વર્ણન કર્યું છે. આથી અક્ષરબ્રહ્મ પર છે એમ પ્રમાણ પણ મલી ગયાં, અક્ષર બ્રહ્મમાં પ્રમાણ શ્રુતિજ છે લોકમાં ક્ષર અને અક્ષર એમ બે પ્રકારના પુરુષ છે એ શ્રુતિમાં

બ્રહ્મજ પુરુષ શબ્દથી બોધિત થાય છે. उत्तमः पुरुषस्त्वन्यः ઉત્તમ પુરુષ તો અન્ય છે અને તે પરમાત્મા કહેવાય છે. આમાં પરમાત્મા શબ્દથી અક્ષર બ્રહ્મથી ભિન્ન પરબ્રહ્મ અસ્તિત્વનું વાર્ણન કર્યું છે તાત્પર્ય એ છે કે બ્રહ્મ સત્ય, જ્ઞાનવાન્ તથા અનન્ત છે, શ્રુતિપ્રતિપાદિત જે શ્રેષ્ઠ બ્રહ્મ તે મનોરથની પૂર્તિ કરતાં કરતાં તમને આનન્દિત કરે એમ આશીર્વચન કરાય છે.

આ પ્રમાણે ગોસ્વામી શ્રીરઘુનાથાત્મજ શ્રીવ્રજનાથજીએ રચેલો બ્રહ્મવાદ સમ્પૂર્ણ થયો.

Vaibhav Prints
8/16, M.K. Amin Marg, 22, Patel Bldg.,
Fort, Mumbai - 400 001.
Tel.: (022) 2267 8185, 5576 5982